Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, फाल्गुन आत्म. संवत् १८ [ अंक ८ मो.

॥ ॐ ॥

## भावना-चतुष्क.

१( सोयणी-गझल. )

चिन्ता रहे परहित करवा अेह **मैत्री** मानवी,
**कारुण्य** ते इच्छा बने पर दुःख छेदन जाणवी. १

देखी बने पर गुणथी हर्षित महा [2]**मुदिता** थकी,
**माध्यस्थ** अेह उपेक्षा जानो अ-पर दोष तणी नकी. २

( जिज्ञासुउमेदवार. )

१ हरिगीतमां पण चालशे. २ प्रमोद.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનું દિગ્દર્શન.

કોઈપણ પ્રજાના વર્ત્તનનો પ્રવાહ એકજ જાતનો રહ્યો નથી. કાળચક્રનો વેગ અનિર્વચનીય છે. કાળના પ્રભાવથી વિશ્વ ઉપર મોટા ફેરફારો થાય છે. વર્ત્તમાનનું રૂપ જાણે ભુત રૂપે થાય છે, ત્યારે અગણિત પરિવર્ત્તનો થઇ જાય છે, તથાપિ જે વસ્તુ ત્રિકાળવેત્તાઓએ પ્રતિપાદિત કરેલી હોય, તે વસ્તુને કાળચક્ર ફેરવી શકતું નથી. એતો નિઃસંશય છે. જે પ્રથમથી સત્ય તરીકે ઓલખાયું હોય અથવા જે તત્ત્વ પોતાની શુદ્ધિથી નિરાબાધ રહ્યું હોય, તે ઉપર કાલના વેગ ચાલી શકતો નથી. એવી વસ્તુ કઇ છે, એ તત્ત્વ કયું છે? તેનો વિચાર કરવો જોઇએ. સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરતાં જણાશે કે, તે તત્વ **જ્ઞાન** છે. ગમે તેટલા પરિવર્ત્તનો થાય તો પણ જ્ઞાન કદિપણ અજ્ઞાન રૂપે ઓલખાતું નથી. માત્ર તેમાં શુદ્ધિની અપેક્ષા રહે છે. જો શુદ્ધિની અપેક્ષા ન હોય તો લોકોની માન્યતામાં ફેર પડી જાય. કેટલાએક જેને અજ્ઞાન કહેતા હોય, તેને બીજાઓ જ્ઞાન રૂપે ઓલખે છે અને કેટલાએક જેને જ્ઞાન કહેતા હોય તેને બીજાઓ અજ્ઞાન રૂપે ઓલખે છે. તથાપિ જે જ્ઞાન વસ્તુ છે, તે એકજ છે. સુવર્ણને લોહું કહી શકાયજ નહીં અને લોઢાને સુવર્ણ કહી શકાયજ નહીં. જે અસત્ય છે, તે સત્ય રૂપે સિદ્ધ થઇ શકતુંજ નથી. પરિણામે સત્ય અને અસત્ય પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશી નીકળે છે. કાળના ચક્રવડે સર્વને બાધ થાય છે, પણ સત્ય એકજ નિરાબાધ રહે છે.

એ સત્ય વસ્તુને અવલંબીને જગતમાં ધર્મ ભાવનાનો પ્રાદુર્ભાવ થયેલો છે. જો કે એમાં મતભેદ ઘણો હોય છે, પણ વસ્તુતાએ સર્વમાં સત્યના થોડા ઘણાં અંશો રહેલા હોય છે, એતો નિઃસંશય છે. પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોએ પોતાના અનુભવ ઉપરથી સિદ્ધ કર્યું છે કે, જેથી સત્ય વસ્તુનું યથાર્થ પ્રતિપાદન થતું હોય અને જેમાં ક્રિયામાર્ગની પ્રવૃત્તિ નિર્દોષ હોય તેવું સત્ય સર્વ અંશોથી પરિપૂર્ણ છે. આવું સત્ય ભૂતકાલે કયું હતું? અને વર્ત્તમાન કાલે કયું છે? અને તેમાં કેટલું પરિવર્ત્તન થયું છે? એ અત્ર વિચારણીય છે. આર્યધર્મોની ભાવનાઓમાં જેમ જૈન-એ ધર્મની ભાવના પ્રાચીન સિદ્ધ ઠરી છે તેમ વેદ ધર્મને માટે પણ તેના અનુયાયીઓ પ્રાચિન સિદ્ધ છે એમ કહે છે. હવે તે બંને ધર્મની ભાવનાનું તારતમ્ય જોતાં જૈનધર્મ અપ્રતિમ પ્રમાણોથી પોતાની પ્રાચીનતા સિદ્ધ કરી શકયો છે. ઉપદેશ પ્રાસાદના સમર્થ કર્ત્તાએ વેદ ધર્મનાજ પ્રમાણો આપીને જૈનધર્મને આ વિશ્વના આદ્ય ધર્મ તરીકે પ્રતિપાદિત કર્યો છે અને તેની સર્વ પ્રકારની સત્યતા સિદ્ધ કરી બતાવી છે. તો હવે માત્ર પ્રસંગે આદ્ય અને સનાતન આર્હત ધર્મ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને પાળનારી જૈન પ્રજાની ભૂત અને વર્તમાન કાળની સ્થિતિ વિષે વિચાર કરવાની આવશ્યકતા છે.

સત્યના સર્વ અંશોથી પરિપૂર્ણ એવા આર્હત ધર્મના ઉપાસકોની ભૂતકાળની સ્થિતિ ઉચ્ચ પ્રકારની હતી, એ તો પૂર્વના ઐતિહાસિક લેખોથી સિદ્ધ થાય છે. ભૂતકાળમાં આર્હત પ્રજાના ધર્મ અને વ્યવહાર-ઉભય માર્ગ સર્વ પ્રકારે શુદ્ધ હતા. પૂર્વકાળે પ્રત્યેક આર્હત વ્યકિત દ્રઢ નિશ્ચયથી ઉચ્ચ જીવન ગાળવાનો નિશ્ચય કરતી હતી. અને ઉચ્ચ જીવનના તત્વો શોધી તેને સંપાદન કરવાના ઉપાયો યેજતા હતા. જ્યારે માણસ ગૃહસ્થના જીવનમાં આવતો એટલે તત્કાળ ગૃહસ્થ ધર્મને ઉચિત એવા સદ્ગુણો મેળવતો હતો તે સત્ય, સદાચાર, પ્રમાણિકતા, વ્યવહારશુદ્ધિ અને શુદ્ધ નિષ્ઠા વગેરે સદ્ગુણોથી અલંકૃત થઇ ગૃહવ્યવહારના મહા માર્ગનો પથિક બનતો હતો તેનામાં શુદ્ધ પ્રેમનો ઉલ્લાસ, કુટુંબ વાત્સલ્ય અને ભોગોપભોગની સ્પૃહા રહેતી પરંતુ તે અનાસકત પણે વર્ત્તી પોતાની પ્રવૃત્તિ કર્યા કરતો હતો-એટલે માત્ર સ્થૂલ ભૂમિકા ઉપર રહીનેજ સંસારના કાર્યો કરતો હતો. આર્ય સંસારનું મુખ્ય બંધારણ કુટુંબને લઇનેજ છે. કુટુંબની ભાવના ઉપરથીજ ગોત્ર વગેરેની ભાવના ઉત્પન્ન થઇ છે. કુટુંબ ભાવનાનો અર્થ લક્ષમાં રાખવાની બહુ જરૂર છે. એ કુટુંબ ભાવનાના જીવનરૂપ સર્વદા જાગ્રત અને સર્વ પ્રકારનું બળ પ્રેરનાર, સમર્થ શકિત પ્રાચીન કાલે જૈનોમાં ઉત્તમ પ્રકારની હતી અને તે અનેક પરાક્રમો કરવામાં જૈનોને મહાન્ શકિતમાન્ કરતી હતી. આજે આપણામાં એ શકિત છેજ નહીં. સાંપ્રતકાળે કુટુંબની ભાવના ઘણીજ શિથિલ જોવામાં આવે છે. એકજ કુટુંબમાં સ્થાને સ્થાને ભેદભાવ જોવામાં આવે છે; કુટુંબનો અર્થ માત્ર પોતે અને પોતાના સ્ત્રી પુત્રાદિ એટલોજ સમજવામાં આવે છે. તેમાં જો કુટુંબ વિભકત થાય તો પછી વિભકત થયેલા કુટુંબ નાયકના હૃદયમાં મહાન્ ભેદ પડી જાય છે. એક પિતાના પુત્રો, પુત્રીઓ અને તેમના કુટુંબો-એ સર્વ મલીને એકજ કુટુંબ ગણાવું જોઇએ; છતાં આજકાલ એ ભાવના તદન રહી નથી. વિવાહ સંબંધ જોડાયો એટલે તેમના હૃદયમાં કોઇ મહાન્ ભેદભાવ ઊત્પન્ન થાય છે અને તરત સ્વાર્થવૃત્તિ પ્રગટી આવેછે; જે ઉપરથી તે પલ્લવિત થઇને રહેલાં અને શીતલ છાયાને આપી રહેલા કુટુંબવૃક્ષને છિન્ન-ભિન્ન કરી નાંખે છે. પૂર્વ વિદ્વાનો લખે છે કે, આર્ય-જૈન જનમંડલનો પાયો કુટુંબની એકતાછે. સાત પેઢીથી પૂર્વજના નામની ચાલતી પેઢી અનેક જાતના લાભો આપે છે. જૈન કુટુંબનું આલંબન પ્રાયે કરીને વ્યાપાર હોય છે, તે વ્યાપારનો પ્રવાહ જે મુખ્ય પુરૂષના નામથી ચાલતો હોય, તેને બીજા કુટુંબિઓએ ટેકો આપવો જોઇએ. આપણાં પૂર્વજો કુટુંબ તંત્ર કેવે પ્રકારે ચલાવતા? એ વાતનો વિચાર કરતાં આજે આપણને માલમ પડશે કે, એ ઉત્તમ પદ્ધતીનો ક્ષયજ આપણી અધોગતિનું કારણ બન્યો છે. આજે આપણે કુટુંબમાંથી વિભકત થઇ સ્વતંત્ર થવાની પ્રવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી એ છીએ; પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં આપણે આપણે હાથેજ આપણો અધઃપાત કરીએ છીએ. જ્યારે સંપની શ્રૃંખલા શિથિલ પડવા માંડે છે, ત્યારે અનેક જાતના વ્યસનો વેગથી આવી પડે છે.

પૂર્વની કુટુંબભાવના ઉચ્ચ હતી, તે ભાવનાના બલથી કુટુંબીઓ સંપની શીતલ છાયામાં રહી અનેક જાતના લાભો મેળવી શકતા હતા. સર્વે સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી સ્વાર્પણુમાંજ આનંદ માનતા એને પરસ્પર સહાય કરવામાં જીવનની સાર્થકતા સમજતા હતા. તે સમયે 'હું અને મારૂં' એ વાત તદન નિર્મૂલ જેવી હતી. "સંસારમાં સુખશાંતિ છે કે નહી? અને તે સંસાર ઉચ્ચ દશાવાળો કેવી રીતે થાય?" તેને માટે કુટુંબિઓ ક્ષણે ક્ષણે વિચારતા અને તેને માટે તન, મન અને ધનથી પ્રયત્ન કરતાં હતા આજકાલ એ વિચાર ગૌણપણે રહયો છે. લોકોને આજે પણ સંસારની ઉચ્ચ દશા ગમે છે અને સંસારના સુખો મેળવવાની તેઓ અતિ તૃષ્ણા રાખે છે, પરંતુ તેમની ભેદબુદ્ધિમાં સંસારની ઊચ્ચ દશાના ખરા ઉપાયો આવી શકતા નથી. સ્વાર્થની અંધતાથી તેમની આંતરદૃષ્ટિ આવૃત થઇ ગયેલી હોય છે. તેમના હૃદયના ઉંડા પ્રદેશમાં 'હું' અને 'મારૂં' એ બે મોહક મંત્રોનો જાપ થયા કરે છે, જેથી તેમને સંસારની ઊચ્ચતાની સામગ્રી મલી શકતી નથી.

ભુતકાલની જૈનપ્રજામાં સ્રીઓની અવસ્થા ઊચ્ચ પ્રકારની હતી. અવિભક્ત કુટુંબોમાં વસનારી સ્ત્રીઓને લઘુ વયથીજ ગૃહ-શિક્ષણ મલતું હતું. ગૃહિણી, કુટુંબિની એ રૂઢ શબ્દોની પ્રવૃત્તિ તે કાળે સર્વ રીતે સાર્થક થતી હતી. સ્ત્રીઓ ગૃહમર્યાદા સાચવી શીલના મહાન્ કિલ્લામાં નિર્ભય થઇ વસતી હતી. સ્ત્રીઓ પરત્વે પુરૂષોને માનબુદ્ધિ હતી, કોઇપણ રીતે તેમની અવગણના કરવામાં આવતી નહતી; તેમજ સ્ત્રીઓ પરત્વે કોઈ જાતની ભ્રમાત્મક કલ્પનાઓ થતી ન હતી. ફરવું, હરવું, જનમંડળમાં પોતાની યોગ્યતા પ્રમાણે ભાગ લેવો એ આદિ વાતમાં સ્ત્રીઓને સંકોચ હતો નહીં, પણ તેમની યોગ્યતા એટલામાંજ મનાતી કે. તેઓનું રાજ્ય ગૃહ છે અને તેનીજ તેઓ રાજ્ઞી છે. સ્ત્રીઓ અને પુરૂષોના વ્યાપાર કુદ્રતથી જેમ જુદા છે, તેમ તદનુકૂલ વ્યવહાર ભાવનામાં પણ માનેલા હતા. સ્ત્રીઓને તેની યોગ્યતા મેળવવાને માટે છૂટ હતી, માત્ર મર્યાદાનોજ વિચાર હતો. સ્ત્રીઓ પોતાના કર્ત્તવ્યને સારી રીતે સમજતી, તેથી પુરૂષોને તેમની વચ્ચે આવવાની જરૂર રહેતી નહી.

વર્ત્તમાન કાળે એ વ્યવસ્થા તદન તુટી ગઇ છે. ચાલતી કેળવણી સ્ત્રીઓના હૃદયમાં જુદીજ ભાવના પ્રગટાવે છે. સુધારાના નવીન પ્રવાહો તેમની મર્યાદા તોડવાને તૈયાર થયા છે. પુરૂષોના કર્ત્તવ્યમાં પણ તેમને વચ્ચે પડવાની ઈચ્છા થાય છે. તેમના અશિક્ષિત હૃદયો સ્વતંત્રતા લેવાને આતુર થતા જાય છે. યોગ્ય કેળવણીના અભાવે ગૃહ ધર્મના શુદ્ધ માર્ગો તરફ તેમને અરૂચિ ઉત્પન્ન થાય છે. ગૃહ સ્થિતિનો વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા વગર તેમની પ્રવૃત્તિ થવા માંડી છે. ઉદ્ભટ વેષ, ઉદ્ભટ વચનો અને ઉદ્ભટ આચરણો તેમને પસંદ પડવા માંડયા છે. પ્રેમનું શુદ્ધ સ્વરૂપ તેમના હૃદયમાંથી દૂર થઇ ગયું છે. જ્યારે આપણે ભૂતકાળનું સ્મરણ કરીશું, ત્યારે વર્ત્તમાન કાળની સ્ત્રીઓની સ્થિતિ વિષે હૃદય શોકાતુર થયા વિના રહેશે નહીં. ભૂતકાળની શ્રાવિકાઓ શ્રાવક સંસારની શોભા રૂપ હતી. તેઓ પોતાના સ્ત્રીજીવનના ઉચ્ચ સ્વરૂપને સમજતી હતી. આર્હત ધર્મના નિયમોએ તેમના હૃદય ઉપર નિર્મલતા પ્રસરાવી હતી. ધર્મના સ્વરૂપનું યથાર્થ રક્ષણ કરવું, અને ગૃહ રાજ્ય ચલાવવું, એ તેમનો દ્રઢ નિશ્ચય હતો. તે પતિપ્રાણા પ્રમદાઓ શીલના શિખર ઉપર ચઢી શ્રાવક સંસારનો વિજયધ્વજ ફરકાવતી હતી. આજે તેમાંહેલું કાંઇપણ જોવામાં આવતું નથી; અને કદિ કોઇ સ્થળે જોવામાં આવે છે, તો તે ટકાવી રાખવું મુશ્કેલ થઇ પડયું છે.

ભૂતકાળની ધર્મભાવના તરફ દૃષ્ટિ કરતાં આપણા હૃદયને પ્રતીતિ થશે કે, તે સમય એક અલૌકિક હતો. યતિધર્મ અને ગૃહસ્થ ધર્મની બે શાખાઓ પલ્લવિત થઇ ચતુર્વિધ સંઘને શીતલ છાયા આપતી હતી. દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વોનો પ્રકાશ ચારે તરફ પડતો હતો. જૈન ગૃહસ્થો ધર્મનેજ મુખ્ય માની સર્વ વ્યવહાર રચતા હતા. તેમના ધર્મ અને વ્યવહારના સ્વરૂપમાં અભેદભાવ પ્રવર્ત્તતો હતો. તેઓ વ્યવહારમાં અહંતા અને મમત્વને ધિક્કારતા, પરંતુ ધર્મની અંદર અહંતા અને મમત્વ રાખતા હતા. ધર્મભાવનાનું શુદ્ધ સ્વરૂપ તેમના હૃદયમાં દ્રઢતાથી આરોપિત રહેતું હતું. તત્ત્વાર્થ ઉપર પૂર્ણ શ્રદ્ધાનનું દિવ્ય તેજ તેમની બુદ્ધિને પ્રકાશિત કરતું હતું. સર્વજ્ઞ કથિત વચનોનો યથાર્થતા તરફ તેમની અપ્રતિમ શ્રદ્ધા હતી. ધર્મના પ્રભાવને લઇને તેમના આચાર, વિચાર અને નીતિના વર્ત્તનો શુદ્ધતાથી ઝળકી રહેતા હતા. "પ્રાપ્ત થયેલ જ્ઞાનેંદ્રિયોનો ઉપયોગ ધાર્મિક કાર્યોમાં કરવો જોઇએ," એવી માન્યતા તેઓ શુદ્ધ હૃદયથી ધારણ કરતા હતા. ટુંકામાં પોતાના માનવ જીવનની સાર્થકતા ધર્મથીજ છે, એમ તેઓ દ્રઢતાથી સ્વીકારતા હતા.

વર્ત્તમાનકાળે ધાર્મિક ભાવના બદલાઇ ગઇ છે. શુદ્ધ ભાવથી ધર્મકરણીનું કૃત્ય કોઇ ઠેકાણેજ જોવામાં આવે છે. સ્પર્ધા અને કીર્ત્તિની અપેક્ષાથીજ ધર્મભાવના દેખાય છે. જ્યાં સ્વાર્થની હાનિ થતી હોય અને આત્મભોગ આપવો પડતો હોય ત્યાં ધર્મશ્રદ્ધાની શિથિલતા જોવામાં આવે છે. જેમાં શંકાદોષને દૂર રાખી પ્રવર્ત્તવાનું હોય છે, તેમાં અહંભાવ અને જડવાદ ઉપર પાયો રોપાયેલો લાગે છે. શંકિત થયેલું ઘણાંઓનું મન કેવળ પ્રત્યક્ષ પ્રમાણને શોધવા મંડી જાય છે. ધર્મની ભાવનામાં પણ પોતપોતાને વિચારે ચાલવાનું વધારે પસંદ કરવામાં આવે છે. નવા સુધારાના પવને ધાર્મિકવૃત્તિને ખરેખરી ડગાવા માંડી છે. જ્યારે ધર્મભાવના શિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થિલ થઈ એટલે તે સાથે આચાર અને નીતિનું ધોરણ પણ શિથિલ થયા વિના રહેતું નથી. જો આ પ્રમાણે આપણામાં ધાર્મિક શિથિલતા વૃદ્ધિ પામતી જશે તો આપણ જૈનોનો ધાર્મિક વીર્યરૂપ પ્રકાશમાન ભાનુ મલિન-નિસ્તેજ થઇ છેવટે અસ્ત થઈ જશે. આપણે વિચારવું જોઇએ કે, તે આપણા ધર્મ વીર્યરૂપ ભાનુનું તેજ શેમાં હતું? આપણા આગમમાં વર્ણવેલ આચાર, નીતિનો વિજયધ્વનિ એજ તેનું તેજ હતું. એ તેજનો અસ્ત એ જૈન પ્રજાના સર્વ પ્રકારના ઉદયનો અસ્ત છે.

ભૂતકાળની કેળવણીનો વિચાર કરતાં આપણને ખાત્રી થશે કે, તે સમયની કેળવણીના રંગ જુદાજ પ્રકારના હતા. તે કેળવણીનું રૂપ બાહ્ય ન હતું પણ અંતરંગ હતું. તે સમયે કેળવણીનું પર્યવસાન આચરણમાંજ થતું હતું. જ્યાંસુધી આચરણ ઉપર અસર થાય નહીં, ત્યાંસુધી કેળવણીની પૂર્ણતા ગણાતી નહીં. ભૂતકાળની કેળવણીથી વિદ્યાર્થીઓના આચાર ઉપર અને ચારિત્ર ઉપર ઘણી સારી અસર થતી. એ સર્વ ઉપરાંત બ્રહ્મચર્ય લાંબા સમય સુધી પળાતું અને ધર્મના બીજ પ્રથમથી સારી રીતે ઉંડા રોપાતાં એટલે તન, મન અને આત્મા એ ત્રિપુટીની શુદ્ધિ ઉત્તમ પ્રકારે સચવાતી હતી. આવી પદ્ધતિમાંથી વિદ્યા પ્રાપ્ત કરીને પાર ઉતરેલા જૈનો બલવાન્, બુદ્ધિમાન્ અને ધર્મનિષ્ઠ તથા શુદ્ધ ચારિત્રવાળા પરાક્રમી નીવડતા. જે વિદ્યોપજીવી જૈન બ્રાહ્મણ વર્ગ હતો, તે ગૃહસ્થ ગુરૂ તરીકે પોતાને યોગ્ય એવી વિદ્યા પ્રાપ્ત કરી ધાર્મિક કાર્યોની શુદ્ધ ક્રિયાઓ કરાવતો અને જે વ્યાપારિ વર્ગ હતો, તે પોતાને યોગ્ય વિદ્યા મેળવી વ્યાપારના વ્યવહારમાં પ્રથમ પંક્તિ ભોગવતો હતો. શ્રાવિકાઓ તે સમયે વિદ્યાભ્યાસ કરતી નહીં, એમ પણ નહતું. શાળાઓને બદલે ઘરમાં માતા પિતા પાસેથી તેમણે યોજેલા ગુરૂદ્વારા શ્રાવક બાળાઓ વિદ્યાભ્યાસ કરતી અને પાણિગ્રહણ થયા પછી પતિ પાસે અભ્યાસ વધારતી. કોઇ કોઇ સમયે વિદ્વત્તાવાળી શ્રાવક નારીઓ પણ નીકલી આવતી. જેમના દ્રષ્ટાંત તરીકે બ્રાહ્મી અને સુંદરીનું ચરિત્ર પ્રખ્યાત છે. વર્ત્તમાન કાલ કેળવણીનો યુગ જણાવે છે, પણ સર્વ પ્રકારની આધુનિક કેળવણી માત્ર બાહ્ય રંગ પૂરે છે. તે માનસિક વિકાશ કરી શકતી નથી. પૂર્વની કેળવણીનું પરિણામ સદાચાર અને સદ્વર્ત્તનમાં આવતું; ત્યારે આધુનિક કેળવણીનું પરિણામ તેનાથી ઉલટું આવે છે. સાંપ્રતકાળે ધર્મના પુસ્તકોના કરતાં સાંસારિક રસિક નવલ કથાઓ વાચકોનું મન વિશેષ આકર્ષે છે. એક સમર્થ લેખક લખેછે કે, “ આધુનિક શાળાના શિક્ષણની પદ્ધતિએ આપણાં બાલકોનો વ્યવહાર વિકૃતિવાળો કરી નાંખ્યો છે. માણસ પોતે પોતાનું પેટ ભરવા શી રીતે સમર્થ થાય, એ હેતુ સર્વ કરતાં પ્રથમ લક્ષમાં રાખી પેટ માત્રનેજ ઉપયોગી એવી કેળવણીની યોજના કરવામાં આવે છે. હૃદય અને આત્મા એ બેને લેખવવામાં પણ આવતાં નથી, અને આત્માના અસ્તિત્વ વિષે પણ શંકા વધતી જાય એવે રૂપે બધો શાળાનો વ્યવહાર પરિણમે છે. કેળવણીનું અંતરંગ સ્વરૂપ તદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢંકાઇ ગયું છે. હવે આપણે ભૂતકાળની પદ્ધતિને નવા જમાના સાથે યોજી કેળવણી-માં મોટો સુધારો કરવાની જરૂર છે. તેને માટે એક સાહિત્યકાર નીચે પ્રમાણે લખેછે.

ज्ञावौ प्राच्यनवौ प्राप्तौ युगपद् यदि मानवैः ।
तयोः सारस्तदा ग्राह्यो हेयोपादेय ज्ञागतः ॥ १ ॥

જો પ્રાચીન અને નવીન ભાવ એકી સાથે પ્રાપ્ત થાય તો મનુષ્યોએ હેય અને ઉપાદેયના ભાગ પાડી તેઓમાંથી સાર ગ્રહણ કરવો. ૧

ભૂતકાળના આચારને માટે વિમર્શ કરતાં આપણાં હૃદયમાં વર્ત્તમાનને માટે અતિશય ખેદ થયા વિના રહેશે નહીં. પૂર્વકાળે જૈનીઓનો ગૃહાચાર ઉત્તમ પ્રકારનો હતો. તેઓ બાહ્ય અને આંતર-ઊભય શુદ્ધિને ધારણ કરતા હતા. તેમની ગૃહયોજના ઊત્તમ પ્રકારની હતી. સામાન્ય સ્થિતિવાળા ઘરો પણ સ્વચ્છતાથી ભરપૂર રહેતા. પાકશાળા, ઉપસ્કરશાળા અને આંગણાનો દેખાવ સામાન્ય હોય તો પણ મનોરંજક લાગતો હતો. સ્નાન, પ્રક્ષાલન અને માર્જન ઉત્તમ પ્રકારે કરવામાં આવતું હતું. કુટુંબના દરેક મનુષ્ય શુદ્ધિ રાખતા અને રસોઇના સ્થાનમાં સર્વ રીતે સ્વચ્છતા રાખવામાં આવતી હતી. ભોજનશાળાનો દેખાવ ઘણોં આનંદજનક રાખવામાં આવતો. પાત્રો, વસ્ત્રો અને પાકના ઉપકરણો ઘણી સફાઇથી રાખવામાં આવતા હતા.

પૂર્વકાળના શ્રાવકોના ગૃહની સ્વચ્છતા કેવી હતી? તેને માટે નીચેનું પદ્ય પ્રમાણભૂત છે.

यत्र प्रकृष्ट सदुपस्कर संचयश्च शुच्यांगण विमल दर्पणवद्विभाति ।
स्वच्छांगिनो गृहजना धृतचारुवेषास्तत् श्रावकस्य सदनं परिज्ञावनीयम्

'જેમાં ઉત્તમ પ્રકારના ઉપસ્કારો-સાધનોનો સંચય ગોઠવેલો હોય, જેનું સ્વચ્છ આંગણું નિર્મલ દર્પણના જેવું શોભતું હોય અને શરીરે સ્વચ્છ અને સુંદર વેષ ધરનારા જે ઘરના કુટુંબીઓ દેખાતા હોય તે શ્રાવકનું ઘર છે, એમ જાણવું'

વર્ત્તમાનકાલે શ્રાવકગૃહની સ્થિતિ જુદાજ પ્રકારની જોવામાં આવે છે. તેમની શુદ્ધિનો આચાર તદન ફરી ગયો છે. મલોત્સર્ગ વખતથી ધારણ કરેલો પોશાક રાત્રે શયનના વખત સુધી ટકી રહે છે. સ્નાન, પાન, ભોજન અને બીજી સર્વ ક્રિયાઓમાં આચારનું દર્શન કવચિત્જ થાય છે. પુરૂષવર્ગના કરતાં સ્ત્રીવર્ગમાં વિશેષ અશુચિ દેખાય છે. સ્વચ્છતા અને સુઘડતાનું સ્વરૂપ આધુનિક શ્રાવિકાઓના ખ્યાલમાંજ નથી, એમ કહીએ તો તે ખોટું નથી. આર્હત વિદ્વાનો શ્રાવિકાઓના સ્વરૂપના માટે આ પ્રમાણે લખે છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सदाचारा शुद्ध वेषा सध्दर्त्तन समन्विता।**
**शीलालंकृतसद्वृत्तिः श्राविका कुलदेवता ॥ १ ॥**

સદાચારવાલી શુદ્ધ વેષ ધરનારી, સદ્વર્ત્તનથી યુકત અને શીળથી અલંકૃત વૃત્તિવાલી શ્રાવિકા કુલની દેવીરૂપ છે. ૧

શ્રાવિકાઓનું ભૂતકાળનું આ સ્વરૂપ વર્ત્તમાને ક્વચિત્‌જ જોવામાં આવે છે.

આ પ્રમાણે જ્યારે જૈન પ્રજાનું ભૂતકાળનું સ્વરૂપ વિચારીએ છીએ, ત્યારે આપણાં હૃદયમાં ખેદ થયા વિના રહેતો નથી. શ્રી શાસનદેવતા એ ભૂતકાળનું સ્વરૂપ પુનઃવર્ત્તમાનકાલે પ્રગટાવે તો જૈન પ્રજા પુનઃ પોતાની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકે; **શ્રી શાસનદેવતા એ અમારી પ્રાર્થના સ્વીકારો !**

# लोभवशतोऽपि धर्मः

## લોભ થકી શું ધર્મપ્રાપ્તિ થઈ શકે છે?

### લેખક. મુનિ મણિવિજયજી. મુ. લુણાવાડા.

હે સજ્જન, પ્રાયેકરી એટલું તો ત્હારા જાણવામાં હશે કે આ શાસન ચરમ-તીર્થંકર મહારાજ **શ્રીમાન્‌વીર** પરમાત્માનું ચાલે છે અને આપણે સર્વે તેમના બાળકોજ છીયે. માતા પિતા જેમ બાળકોને હિતશિક્ષા આપી વ્યવહાર માર્ગમાં કુશળ કરે તેમ આપણા માતા પિતા સમાન **વીર** પરમાત્માએ આપણને ભવ સમુદ્ર માં ડુબતા તારવા માટે આપણા પરમ ઉપગારી થઈ આપણને શિક્ષા આપી કે હે વત્સો ( હે પુત્રો ) ક્રોધ, માન, માયા અને લોભ કેવળ સંસાર વૃદ્ધિના કારણ છે માટે તેને ત્યાગ કરો ! કોઇ કોઇ અપેક્ષાયે ક્રોધ, માન, માયા ત્યાગ થઇ શકે છે પણ પાપિષ્ટ એવો લોભ કોઇપણ પ્રકારે ઉપશાંતિને પામતો નથી. અને લોભ જે છે તે એક કારાગૃહ ( કેદખાના ) સમાન છે જેમ કારાગૃહને વિષે પડેલો પ્રાણી તેને વિષે દુઃખી થઇ સડી જઇ ક્ષુધા, તૃષ્ણા સહન કરી મરણ પામે છે, તેમજ મહા કષ્ટે માનવ ભવને પામેલા એવા જીવો સ્વયમેવ (પોતાને હાથેજ) લોભરૂપી કારાગૃહને વિષે સજ્જડ બંધાઇ જઇ એકભવ નહિ કિંતુ અનેક ભવ રખડી રખડી અંનતા ભોક્તા થાયછે.

**લોભઃ**—લોભ શબ્દનો અર્થ એવો થાય છે કે. લોભ એટલે સંસારના ઘણા-ખરા પદાર્થો ઉપર અત્યંત તીવ્રરાગીપણું, ગૃદ્ધિપણું, તૃષ્ણાપણું, આસક્તપણું અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્ચ્છાપણું એટલે કે આત્માના અસંખ્યાતા પ્રદેશ છે તેમાં દરેક પ્રદેશે પ્રદેશે ઇચ્છિત વસ્તુના ઉપર મન, વચન, કાયાના યોગોને એકત્ર કરી જોડી દેવા, તીવ્ર ભાવ ધારણ કરવો તથા ઇચ્છિત સર્વે પદાર્થો ઉપર ગાઢ ગૃદ્ધિપણું ધારણ કરી તે તે વસ્તુ પદાર્થનો સંગ્રહ કરવો ( સંચય કરવો ) તેને લોભ કહે છે. વળી પણ સંગ્રહશીલ પદાર્થને વિષે ( એકત્ર કરેલા પદાર્થને વિષે ) ચિત્તનું તીવ્ર, કાલુષ્યપણું, ( ડોલાવાપણું ) મૂર્ચ્છાપણું, રક્તપણું તેને લોભ કહે છે. આવો લોભ જીવો આશ્રિને તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ ત્રણ પ્રકારે છે. અર્થાત્ અલ્પ કર્મીયો ( હલવા કર્મી જીવોને ) ઓછો હોય છે અને તે થકી ભારે કર્મી પ્રાણીઓને લોભ અથાગ હોય છે. કહ્યું છે કેઃ—

यतः

मुग्गाअइबहु धणलोभनयाय, तप्जाव जावणायसया
बोलंतिमहाघोरे, जरमरणमहासमुद्दम्मि ॥ १ ॥

**ભાવાર્થઃ**-મૂર્ચ્છા એટલે ઘણાં અત્યંત ધનને વિષે લોભીપણું ( રક્તપણું ) તથા નિરંતર તેનીજ એટલે લક્ષ્મીનીજ ભાવના ભાવે કે કયારે લક્ષ્મી મેળવું, કયારે ધનાઢ્ય થાઉં, કયારે ગમે તે પ્રકારે તીજોરી રૂા. થી ભરૂં. આવી વૃત્તિવાળા જીવોને લોભ જે છે તે જન્મ, જરા, મરણના દુઃખરૂપ મહા ઘોર સમુદ્રને વિષે નાખનાર છે. વળી કહ્યું છે કેઃ—

यतः

एऐसुजोनवट्टिज्जा, तेण अप्पाजहठिजनाउ,
मणुआण माणणिज्जो, देवाणविदेवयं हुज्जा.

**ભાવાર્થઃ**—જે ડાહ્યો માણસ પોતાના આત્માના સ્વરૂપને જાણી અર્થાત્ આ આત્મા લોભને વિષે ગૃદ્ધ [ રક્ત ] થાય છે તે લોભ આત્માનો શત્રુ છે, લક્ષ્મી આત્માની થવાની નથી, તેને માટે કરેલા ઉદ્યમો આત્માના થવાના નથી, તે સ્વભાવથીજ ચંચળ છે; પરંતુ આ આત્માનું સ્વરૂપ મહા નિર્મલ છે. જ્ઞાનદર્શન ચારિત્ર તેજ આત્માના અખંડ તથા અખૂટ અમેય ધન છે. આવી રીતે આત્માના સ્વરૂપને જે જીવો ઓલખે છે તેને મનુષ્યો પણ માને છે, ( એટલે માનવોમાં પોતે મનાય છે ) દેવોને પણ પૂજનીક થાય છે. એટલે લોભને ત્યાગ કરનાર તથા સંતોષવૃત્તિમાં રહેનાર, મનુષ્યોને વિષે માનનીક [ ચક્રવર્ત્તિ ] થાય છે અને દેવતાને વંદનીક પૂજનીક એટલે તેમનો સ્વામી ઇંદ્ર થાય છે, માટે લોભને ત્યાગ કરનાર માણસ પરમ સુખને પામે છે. લોભના સમાન બીજું એક પણ મહાન્ દુઃખ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उक्तं श्री योगशास्त्र चतुर्थ प्रकाशे श्रीमान् हेमचंद्र सूरिपादैः

यतः

आकरः सर्व दोषाणां, गुणग्रसनराक्षसः,
कंदो व्यसनवल्लीनां, लोभःसर्वार्थबाधकः, ॥ १ ॥

**ભાવાર્થ**—લોભ સર્વ દોષોની ખાણ સમાન છે, તથા સર્વ ગુણોને ભક્ષણ કરવામાં ( નાશ ) કરવામાં રાક્ષસ સમાન છે, તથા વ્યસનરૂપી વલ્લીને ( વેલડીને ) વૃદ્ધિ કરવામાં કંદ સમાન છે, તેમજ સર્વ અર્થને બાધા કરનારોછે તથા લોભી માણસની તૃષ્ણા દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. કહ્યું છે કેઃ—

यतः

धनहीनः शतमेकं, सहस्रं शतवानपि,
सहस्राधिपतिर्लक्षं, कोटिंलक्षेश्वरोऽपिच, ॥ १ ॥
कोटोश्वरोनरेंद्रत्वं, नरेंद्रश्चक्रवर्तितां,
चक्रवार्तिचदेवत्वं, देवोऽपींद्रत्व मिच्छति ॥ २ ॥
इंद्रत्वेऽपिहिसंप्राप्ते, यदीच्छाननिवर्त्तते,
मूलेलघीयांस्तल्लोभः, शरावइववर्द्धते. ॥ ३ ॥

**ભાવાર્થ**:—ધન રહિત માણસ પાસે કાંઇપણ નહિ હોવાથી સેંકડાની ઇચ્છા કરે છે કે સો રૂ. મલે તો સારૂં, કદાચ શુભ કર્મના યોગે તે મળે તો હજારની અભિલાષા કરે છે; હજાર મલ્યા તો લક્ષાધિપતિ થવાની ઇચ્છા કરે છે; તે પણ મલ્યા તો કોટાધિપતિ થવાની ઇચ્છા કરે છે, તે પણ પ્રાપ્ત થયા તો રાજા થવાની ઇચ્છા કરે છે, રાજા થયો તો ચક્રવર્ત્તિ થવાની ઇચ્છા કરે છે, ચક્રવર્તિ થયો; તો દેવ થવાની ઇચ્છા કરે છે. દેવ થયો તો ઇંદ્ર થવાની ઇચ્છા કરે છે. ઇંદ્રપણું પામ્યા છતાં પણ જો તેની ઇચ્છા નિવર્ત્તમાન થતી નથી તો જે લોભ મૂળને વિષે ( એટલે પ્રથમ ઘણોજ સુક્ષ્મ હતો તે ) શરાવના પેઠે વૃદ્ધિ પામે છે. કહેવાનો સાર એ છે કે જ્યાં લાભ છે ત્યાં લોભ રહેલો છે અને જેમ જેમ લાભ થતો જાય તેમ તેમ લોભ વૃદ્ધિ પામતો જાય છે, આવા ભવસમુદ્રને વૃદ્ધિ કરનાર લોભને ત્યાગ કરનાર મહાત્માઓનેજ ધન્ય છે. હવે લોભને સંતોષથી દૂર કરવો જોઇયે કહ્યું છે કેઃ—

यतः

लोभसागरमुद्वेल, मतिवेलं महामतिः
संतोष सेतु बंधेन, प्रसरंतं निवारयेत् ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ:**—અત્યંત વેલાવાળો (ઘણા કલ્લોલાવાળો) જે લોભસાગર (સમુદ્ર) જે છે તેને મહામતિ ડાહ્યા માણસો સંતોષરૂપી સેતુ (પુલ પાળ) બાંધીને ચોતરફ ફેલાતો બંધ કરે અર્થાત્ વૃદ્ધિ પામતો અટકાવે અને જો તેમ ન કરે તો સર્વનો વિનાશ કરવાવાલો થાય છે. કહ્યું છે કે:—

## उक्तंदसवैकालिके—

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो,
माया मित्ताणि नासेइ, लोहोसव्व विणासणो, ॥ १ ॥

**ભાવાર્થ:**—ક્રોધ જે છે તે પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે માયા મિત્રતાને નાશ કરે છે પરંતુ લોભ જે છે તેતો સર્વનો નાશ કરે છે. અર્થાત્ ક્રોધ, માન, માયા, એકએકને નાશ કરવાવાલા છે પણ લોભ તો સર્વનો વિનાશ કરવાવાળો છે. વળી પણ કહ્યું છે કે:—

## अन्यत्राऽपि.

लोभश्चेदगुणेनकिं पिशुनतायद्यस्ति किंपातकैः
सत्यंचेत्तपसाचकिंशुचिमनोयद्यस्ति तीर्थेनकिं,
सौजन्यंयदि किंजने न महिमायद्यस्ति किं मंडनैः
सद्विद्यायदि किं धनै रपयशोयद्यस्ति किं मृत्युना. ॥ १ ॥

**ભાવાર્થ:**—આત્માને વિષે લોભ રહેલો છે તો પછી (અગુણ) એટલે નહિં ગુણવડે કરીને શું અર્થાત્ લોભછે તેજ મોટામાં મોટો અવગુણછે. જો પિશુનતા એટલે (ચાડીયાપણું) એટલે ચાડી ચુગલી કરવાપણું રહેલું છે તો પાતિક (એટલે પાપ વડે) કરીશું? કારણ કે પરની ચાડી ખાવી તેજ મહા પાપ છે. વળી જો સત્યપણું છે તો તપસ્યાવડે કરીને શું અર્થાત્ તપસ્યા કરે પણ જૂઠું બોલનો હોય તો તપસ્યા કાંઇપણ કામની નથી અને જૂઠું બોલતો નહોય ને તપસ્યા પણ કરતો નહોય તો પણ સત્યતા છે તેજ તપસ્યા છે વળી મનનું પવિત્રપણું રહેલું છે તો તીર્થવડે કરીને શું? કારણ કે મનની એકાગ્રતા પવિત્ર્યપણું છે તેજ તીર્થ છે. મનની સ્થિરતા વિના તીર્થને વિષે ભટકયા કરે તો પણ કાંઇજ કામનું નથી. જો સજ્જનતા રહેલી છે તો લોકોવડે કરીને શું? અર્થાત્ સજ્જનતા છે તેજ લોકોના સમુહને આપણા તરફ (પોતાના તરફ) આકર્ષણ કરાવનારી છે. જો દુનિયામાં મહિમા (કીર્ત્તિ) બોલાય છે તો આભુષણવડે કરીને શું? કારણ કે કીર્તિ છે તેજ આભુષણ છે. કીર્ત્તિના સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું એકપણ આભુષણ ઉત્તમ નથી. જો સારી વિદ્યા પ્રાપ્ત થયેલી છે તો લક્ષ્મીવડે કરીને શું? અર્થાત્ વિદ્યા તેજ લક્ષ્મી છે. અને વિદ્યારૂપી લક્ષ્મી-લક્ષ્મી કરતાં પણ વિશેષ માન પામે છે. માટે વિદ્યા તેજ મહા લક્ષ્મી છે. જો અપયશ છે તો મરણવડે કરીને શું? કારણ કે જે માણસનો અપયશ દુનિયામાં ગવાય છે તે માણસ જીવતો હોય તોપણ મરણ પામેલો જાણવો. કારણ કે અપયશ છે તેજ મરણરૂપ છે. કિંબહુના-મરણ કરતાં પણ અપયશ વિશેષ ખરાબ છે. વળીપણ કહ્યું છે કે:—

**यतः**

**संग्रहैकपरःप्राप, समुद्रोऽपिरसातलं,**
**दातातुजलदंपरय, भुवनोपरिगर्जति ॥ १ ॥**

**ભાવાર્થ**:—સંગ્રહ કરવાને વિષે એકાંત તત્પર એવો સમુદ્ર પણ રસાતલને (અગાધ ઉંડાપણાને) પામ્યો. મેઘ પોતે દાતાર છે તો ભુવન ઉપર ગર્જારવને કરે છે અર્થાત્ ભુવન ઉપર ઉંચે રહી ગર્જારવને કરતો પાણીનું દાન આપે છે.

**વિવેચન**:—કૃપણ પ્રાણી અઢાર પાપસ્થાનક સેવી કેવલ પાપમય લક્ષ્મીને ઉપાર્જન કરે છે અને તે લક્ષ્મીનેવિષે તીવ્ર મૂર્ચ્છાવાળો થઇ ભૂમિનેવિષે દાટે છે. ચૂલામાં તથા પાણિયારામાં એટલે પાણી ભરેલા વાસણો મુકવાની જગ્યાએ દાટે છે, ગાય ભેંશ બાંધવાના ખીલા નીચે દાટે છે; ઘરના ખુણામાં તથા ખાટલાના પાયામાં દાટે છે. આવી રીતે કુબુદ્ધિ કરવાથી લક્ષ્મીને અધોગતિનેવિષે નાખે છે; એટલુંજ નહિ પરંતુ ભૂમિના અંદર લક્ષ્મીને દાટનાર પ્રાણી પોતાના આત્માને પણ અધોગતિનો ભેકતા બનાવે છે. અર્થાત્ પોતે પણ દુર્ગતિમાં જાય છે. તે માટેજ કૃપણની પાપી લક્ષ્મી સમુદ્રના તલીયાના પેઠે અધોગતિને પામે છે એટલે લક્ષ્મી નીચે જાય છે. દાતાર દાનને આપતો ઉપર રહી મેઘના પેઠે ગર્જારવને કરે છે. આવું જાણી સર્વત્ર નિંદ્ય એવી લક્ષ્મીની ચંચળતા જાણી લોભ નિવારણ કરી સંતોષમાં સુખી થવું તેજ ઉત્તમ પુરૂષોનો પરમ ધર્મ છે. અને લોભ છે તે કેવળ અધર્મ તથા આત્મઘાત કરવાવાલો છે માટે લોભને ત્યાગ કરવો તેજ શ્રેયસ્કર છે.

આવો દુર્દાંત લોભ છે તો પણ કોઇક માણસને ધર્મના કારણભૂત થાય છે.

**श्रीसुहस्तिसूरि प्रतिबोधित द्रम्मकवत्**

**ભાવાર્થ**:—શ્રી સુહસ્તિસૂરિ મહારાજે આહારાદિકનો અભિલાષી પ્રતિબોધ કરેલા દ્રમ્મકના પેઠે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दृष्टांतोयथा

**એકદા પ્રસ્તાવે મહાગિરિશ્રી સુહસ્તિસૂરિના સમયને વિષે** બાર વર્ષનો દુષ્કાલ ( દુકાલ ) પડયો; તે દુષ્કાળના સમયને વિષે એક બીજાના ઉપર રાગ, પ્રીતિ અને સ્નેહભાવને ધારણ કરનારા એવા માણસોના પણ ચિત્ત સર્વથા કઠોર થઇ ગયા. તેથી કોઇપણ માણસ પોતાના આત્માના પોષણ શિવાય બીજા કોઇની પણ સારવાર કરતા નથી.

**यतः**

**मातात्मजंत्यजतिद्यातिपितापितापं, नस्नेहमावहतिहंतसुहृज्जनोऽपि,**
**भृत्येगुणिन्यपिनृपानकृपालवःस्यु, स्त्वय्यंबुवाहजगतःप्रतिकूलभाजि ॥ १ ॥**

**ભાવાર્થ**:—હે અંબુવાહ કહેતા હે મેઘ! તું જ્યારે જગત્‌ના પ્રતિકુલપણાને ભજવાવાલો થયો અર્થાત્ તું જ્યારે વરસવોજ બંધ થયો, તેં જ્યારે ભૂમિ ઉપર પાણિનું બિંદુ માત્ર નાખવું દૂર કર્યું તે અવસરે તહારા અભાવે ધાન્યનો અભાવ થયો, અને ધાન્યના અભાવે સ્નેહી માણસોના મન પણ મહા કૃપણ દશાનેવિષે મગ્ન થઇ જઇ કેવળ સ્વઉદર પૂર્તિમાં આસકત ભાવને પામી, પોતાના સ્વજન સ્નેહી વહાલાઓને દૂર ખસેડવા માંડયા. અન્ન નહિ મલવાથી માતા પોતાના વલ્લભ પુત્રનો પણ ત્યાગ કરવા લાગી. પિતા પણ તપી જવા માંડયો એટલે જે બાલકો માતા પિતાને ઘણાજ પ્રિય હતા તે પણ ત્યાગ કરવા લાયક તથા તિરસ્કારને પાત્ર થઈ પડયા. મહાખેદની વાતતો એ બની કે, જે પોતનો મિત્રવર્ગ તે પણ ઘણા કાળની લાંબી મિત્રાઇને પણ છોડી દેવા લાગ્યો. રાજાને વિષે એકાંત ભકિત ભાવને ધારણ કરનાર ગુણી એવા સેવકવર્ગ ઉપર પણ સેવા કરાવતાં છતાં પણ રાજા લેશ માત્ર કૃપાવાળા થયા નહિ. બરાબર સત્યજ છે કે દુનિયાને વિષે વરસાદના નહિં પડવાથી હિતેચ્છુ પણ વૈરી થયા, દાતારો પણ કૃપણ થયા, સ્નેહીયો પણ સ્નેહવર્જિત થયા, દયાલુ નિર્દય થયા, ધર્મી અધર્મી થયા, ડાહ્યા મૂર્ખ થયા. હે મેઘ! આ સર્વ પ્રતાપ આપના પુન્ય પનોતા પગલા દુનિયા ઉપરથી જવાથીજ થયેલો છે. કારણ કે દુષ્કાલ નહિ કરે તેટલુ ઓછું છે.

આવા દુષ્કાલના વખતને વિષે રંક ( ભિક્ષુ ) ઘણાજ થઇ ગયા અને દેશ, પુર, ગામ, નગર, સર્વત્ર જગ્યાયે ભિક્ષા માગવા માંડયા, પણ કોઇ જગ્યાયે અન્નને પામતા નથી. પરંતુ ઉલટા અપમાન અને તિરસ્કાર મેળવવા લાગ્યા. એટલે ભિક્ષુઓને આવતો દેખી કોઇક ઘરનો દરવાજો બંધ કરે છે, કોઇક બારણા બંધ કરે છે, કોઇક ગાળોનો વરસાદ વરસાવે છે, કોઇક યષ્ટિ મુષ્ટિ વડે કરી પ્રહાર કરે છે. આવી રીતે સ્થળે સ્થળે કુટાવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા હડહડતા દુષ્કાળને વિષે પણ ધર્મના પ્રભાવથી સાધુઓને સુખશાંતિથી ભિક્ષા મલતી હતી અને પર્વાદિકનેવિષે તો વિશેષપણાથી ક્ષીર, લાડુ, ખાજા, લાપશી, શેવ, મોદક મંડકાદિ શાલીદાલીને સારીરીતે સાધુઓ પામતા હતા. કહ્યું છે કે—

उक्तं श्री दश वैकालिके

लज्जादया संजमबंभचेरं, कल्लाणभागिस्स विसोहिठाणं,
जेमे गुरूसययमणु सासयंति, तेहं गुरू सययंपूययामि. ॥ १ ॥

**ભાવાર્થ**:—લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્યને ભજનારા તથા નાના પ્રકારના કલ્યાણના ભાગીદાર તેમજ વિશુદ્ધિના સ્થાનભૂત જે મ્હારા ગુરૂ સતતં નિરંતર મને અનુશાસયંતિ કહેતા શિક્ષાને કરે છે તે ગુરૂ મહારાજને નિરંતર હું પૂજુ છું અર્થાત્ આવા ગુરૂ મહારાજ પૂજા કરવા લાયક છે બીજા નથી.

**વિવેચન**—આવા ઉત્તમ પ્રકારના સંયમના રાગી એવા ગુરૂ મહારાજ ભવ-સમુદ્ર થકી તરેલા છે ને અપર પ્રાણીયોને તારવાને સમર્થમાન છે. આવા મુનિ મહારાજાઓને દેવતા કરતા પણ વિશિષ્ટ સુખ રહેલું છે અને મહા સુખને પામી સંયમનું આરાધન કરનાર મુનિ મહારાજાઓની ભક્તિ ભવ્ય લોકો કરે છે. વળી-પણ કહ્યું છે કે—

अन्यत्राऽप्युक्तं ॥

धैर्ययस्यपिता क्षमा च जननी शांतिश्चिरंगेहिनी,
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः
शय्या भूमितलं दिशोऽपिवसनंज्ञानामृतं भोजनं,
ह्येते यस्य कुटुंबिनो वदसखे कस्माद् भयंयोगिनः ॥ १ ॥

**ભાવાર્થ**:—ધૈર્ય જેના પિતા છે, ક્ષમા જેની માતા છે, શાંતિ જેની નિરંતર-ની સ્ત્રી છે, સત્ય જેનો પુત્ર છે, દયા જેની બહેન છે, શુભ અધ્યવસાયને વિષે વર્ત્તનાર જેનો મન રૂપી ભાઇ છે, ભૂમિનું તલીયું જેની શય્યા છે, (પથારી છે) દિશારૂપી જેને વસ્ત્રો છે, જ્ઞાનામૃતરૂપી જેને ભોજન છે, આવા બહોલા (વિસ્તારવાલા) કુંટુંબના પરિવારવાળા ત્યાગીયોને હે મિત્ર! તું બોલ કે ભય કયાંથી હોય? અર્થાત્ ત્યાગિયોને ભય હોયજ નહિ. વલી પણ કહ્યું છે કે—

यतः

नचराजभयंनचचोरभयं, इहलोकसुखंपरलोकहितं,
वरकीर्त्तिकरंनरदेवनतं, श्रमणत्वमिदं रमणीयतरं. ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થઃ**—અહો અહો જેને વિષે રાજાનો ભય નથી તેમજ ચોરનો પણ ભય નથી, વળી જે ઇહલોકમાં પણ સુખ કરનારૂં, પરલોકમાં પણ હિત કરવાવાળું શ્રેષ્ઠ કીર્તિને ઉત્પન્ન કરનારૂં, રાજા તથા દેવતાઓને પણ નમાવવાવાળું અર્થાત્ રાજા અને દેવતા પણ ત્યાગીયોને નમસ્કાર કરે છે, આવું શ્રામણ્યપણું ( સાધુપણું ) તેજ મહા મનોહરતાવાલું રહેલું છે અર્થાત્ ખરૂં સુખ ત્યાગીયોમાંજ છે.

## अपिच.

धन्या सा जननी धृतो नव यया मासान् स्वकुक्षौसुखं,
श्लाघ्यः सोऽपिपिताकृता प्रगुणतायेनेदृशी संयमे,
स्तुत्यास्तेऽपिसुबंधवोऽथविभवार्यैर्योजितस्तत्कृते,
आरूढस्य चरित्रराज करणिं किं वा तवावर्ण्यते. ॥ १ ॥

**ભાવાર્થઃ**—તે માતાને પણ ધન્ય છે કે જેણીયે સુખ સમાધિયે નવ માસ સુધી પોતાની કુક્ષિનેવિષે પુત્રને ધારણ કર્યો, તે પિતા પણ વર્ણવવા લાયક છે-પ્રશંસવા લાયક છે-પ્રશંસાપાત્ર છે કે જેણે પાળીપોષી પોતાના પુત્રને મોટો કર્યો અને વૃદ્ધિ પમાડવાથીજ ચારિત્રને તે પામ્યો, તે બાંધવોને પણ ધન્ય છે કે જેણે વૈભવ (નાના પ્રકારની લક્ષ્મી, વસ્તુ, પાત્ર, વસ્ત્ર, વિગેરે) જેના માટે ઉત્પન્ન કર્યાં ઉપાર્જન કર્યાં છે, તો ચારિત્રરાજાની કરણીને વિષે આરૂઢ થયેલા એવા તહારૂં અમે શું વર્ણન કરીયે ? અર્થાત્ કુક્ષિમાં ધારણ કરનાર, પાળીપોષી મોટો કરનાર અને વૈભવને ઉપાર્જન કરી સુખી કરનારા સંસાર પક્ષના માતા, પિતા, ભાઇયો વિગેરે સ્વજન વર્ગને જ્યારે ધન્ય છે તો ચારિત્રકરણી કરનાર સંયમનું પ્રતિપાલન કરનારનું શું વર્ણન કરીએ ? ( તે તો અત્યંત પ્રશંસાપાત્રજ છે ) તો પણ વિશેષે કરી સંયમ પાળનાર સ્તુતિ કરવા લાયક છે, વળી પણ કહ્યું છે કે—

## अपिच.

नोदुष्कर्म प्रयासोनकुयुवतिसुतस्वामिदुर्वाक्य दुःखं,
राजादौ नप्रणामोऽशनवसन धन स्थान चिंता न चैव,
ज्ञानाप्तिर्लोकपूजा प्रशमसुखरतिः प्रेत्यमोक्षाद्यवाप्तिः,
श्रामण्येऽमी गुणाःस्युस्तदिदंसुमतयस्तत्रयत्नंकुरुध्वं. ॥ १ ॥

**ભાવાર્થઃ**—જે ચારિત્રને વિષે દુષ્કર્મનો લેશ માત્ર પ્રયાસ નથી તેમજ કુયુવતિ (ખરાબ આચરણવાળી સ્ત્રી) તેમજ કુપુત્ર (કુલમાં કલંક લગાડનાર પુત્ર) તેમજ રાજા, પ્રધાન, શેઠ, શાહુકાર આદિ સ્વામીના દુર્વાક્યોને સહન કરવાપણાનું દુઃખીપણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, વળી રાજાને નમસ્કાર પણ કરવો પડતો નથી, તેમજ અશનંપાનં ખાદિમ સ્વાદિમચ્ચાર પ્રકારનો આહાર તથા વસ્ત્ર પાત્ર સ્થાનની બીલકુલ ચિંતા પણ નથી, વળી ઇહલોકને વિષે જ્ઞાનની પ્રાપ્તિ તથા લોકોથી પૂજા થાય છે, તેમજ જેમાં પ્રશમ સુખને વિષે મગ્નપણું છે, તથા પરલોકે સ્વર્ગ તથા અપવર્ગ ( મોક્ષ ) ઇત્યાદિકની પ્રાપ્તિ થાય છે, આવા ઉત્તમોત્તમ જેના વિષે ગુણો રહેલા છે તે ચારિત્રને હે ! સારી બુદ્ધિવાળા મહાનુભાવો અંગીકાર કરો ! અર્થાત્ સંસારથી ઉદ્વેગપણું પ્રાપ્ત થાય અને સંયમ ઉદય આવે તેવો ઉદ્યમ કરો, તેવો પ્રયત્ન કરો.

તથા પ્રકારના વિષમ દુષ્કાળને વિષે કોઇક સાધુઓ ગૃહસ્થને ઘરે ભિક્ષા લેવા ગયા, તે અવસરે દરેક ઠેકાણે ( પ્રત્યેક ઘરે ઘરે ) બારણાને વિષે ઉભા રહેલા ભવ્ય જનો સાધુને પોત પોતાના ઘરને વિષે પ્રવેશ કરાવે છે અને તેમની એટલે સાધુની ઇચ્છા માફક આહારાદિકને વહોરાવતા જોઇ ( આપતા દેખી ) કોઇક દ્રમ્મક ( રંક ભિક્ષુ ) વિચાર કરે છે કે અહો ! અહીં જુઓ તો ખરા આ લોકો આ સાધુઓને પોતાના ઘરને વિષે પ્રવેશ કરાવી તેમની ઇચ્છા પ્રમાણે મોદક ( લાડુ ), ક્ષીર, ખાજા, લાપશી, શાલીદાલી સુગંધી ઘૃત ( ઘી ) વિગેરે આગ્રહ કરીને આપે છે, નહિ ઇચ્છા કરતા પણ વિશેષ આગ્રહ કરીને આપે છે, અને મને દેખીને આ લોકો ઘરના દ્વાર બંધ કરી દે છે ને વારંવાર યાચના કરતા છતાં, અતિ દિન સ્વરે આજીજી કરતાં છતાં તથા કરૂણ સ્વરે વિલાપ કરતાં છતાં તથા રૂદન કરતાં છતાં પણ મને લગાર માત્ર જેવું તેવું ખરાબ અન્ન પણ આપતા નથી. માટે જણાયછે કે આ સાધુઓનો ધર્મ છે તેજ મહા ગુરૂ સમાન ( મોટા સમાન ) છે, અત્યંત પ્રશંસા કરવા લાયક છે. માટે સાધુ બહાર આવશે ત્યારે તેની પાછલ જઇને હું માગીશ અને મ્હારી માગણીથી તેઓ મને અન્ન આપશે તેથી બહુ કાળથી અર્થાત્ લાંબા વખતથી વૃદ્ધિ પામેલી મ્હારી ક્ષુધાગ્નિ તૃપ્ત થઇ શાંતિ પામશે. એવી ચિંતા કરતો જેટલામાં રહેલો છે તેટલામાં સાધુઓ ગોચરી વહોરીને (ગૃહણ કરીને ) બહાર નીકળ્યા, તેટલામાં તેના ચરણ કમલમાં પડીને બોલ્યો,

**यतः**

क्षुधासमानास्तिशरीरवेदना, चिंतासमानास्तिशरीरशोषणा,
विद्यासमानास्तिशरीर भूषणा, धृत्यासमानास्तिशरीर पोषणा. ॥ १ ॥

**ભાવાર્થઃ**–ક્ષુધાના સમાન બીજી એક પણ શરીરની વેદના નથી, ચિંતા સમાન બીજી એક પણ શરીરની શોષણા નથી અર્થાત સર્વ શરીરને ચિંતા બાળી નાંખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યા સમાન બીજા એક પણ આભૂષણો નથી, ધૃતિ (ધૈર્ય) વિના બીજા એકે પદાર્થ શરીરને પુષ્ટ કરનારાવાળા નથી. અર્થાત્ ક્ષુધા તેજ શરીરને વિષે મહા વેદના છે. ચિંતા તેજ શરીરને શોષણ કરવાવાળીછે. વિદ્યા તેજ વિના આભૂષણે પણ શરીરના આભૂષણ રૂપ છે. ધૈર્ય તેજ શરીરને પોષણ કરવા રૂપ છે.

આવી રીતે કહીને તે દ્રમ્મક મુનિઓને વિનવવા લાગ્યો કે, હે મહાનુભાવો ! મ્હારી ક્ષુધાને દૂર કરો, તમારા પાસે ઘણુંજ અન્ન છે તેમાંથી મને આપો. કદાચ મ્હારા જેવાને આપવાને માટે તમારા ધર્મશાસ્ત્રમાં નિષેધ કરેલું હશે, તોપણ મ્હારે માટે તમો વધારે ગૃહણ કરીને મને આપો, અને મ્હારી ક્ષુધા વેદના દૂર કરો. ત્યારબાદ સાધુઓયે કહ્યું કે અમોયે જે ગૃહણ કરેલું છે તે અમારા સાધુઓનેજ આપવાનું છે. અર્થાત્ અમારા મુનિયો શિવાય બીજા ગૃહસ્થને લેશ માત્ર અમારાથી આપી શકાય નહિ.

ત્યારે તે દ્રમ્મક બોલ્યો કે મને તમારો કરો. અર્થાત્ મને સાધુ કરો, પણ અન્ન આપી મ્હારી ક્ષુધાને શાંતિ પમાડો. ત્યારે સાધુઓએ કહ્યું કે અમારા ગુરૂ મહારાજ જે છે તેજ તને અમારા જેવો કરશે; માટે તું ત્યાં ચાલ. આવી રીતે બોલી તે સાધુઓ દ્રમ્મકને સાથે લઇ શાળાનેવિષે જઇ ગુરૂ મહારાજને વિનંતિ કરવા લાગ્યા. ગુરૂ મહારાજે સર્વ યથોક્ત સાંભલીને જ્ઞાનોપયોગ દીધો અને જ્ઞાનોપયોગથી ભવિષ્ય કાળમાં મહા લાભ જાણી તત્કાલ તે દ્રમ્મકને દિક્ષા આપી અને તેને પરમાન્નાદિક [ ક્ષીરાદિક ] સારીરીતે યથેચ્છ અન્નપાન ખવરાવી પીવરાવી સ્વસ્થ કર્યો માટે કહ્યું છે કે—

**यतः**

**तसिआणजलंखुहिआणन्नोअणं, लज्जिआणवणवासो,**
**मयणाउराणपिम्मं, चउरो सग्गं विसेसंति. ॥ १ ॥**

**ભાવાર્થ**—તૃષા પામેલાને જલ [પાણી] મળે, ક્ષુધાતુરને ભોજન મળે, લજ્જા પામેલાને વનવાસ [ વગડો ] મળે, કામાતુરને પ્રેમ એટલે સ્ત્રીયોના સાથે વિશેષ પ્રીતિ બંધાય, અર્થાત્ સ્ત્રીયો પોતાને સ્વાધિન થાય. આ ચ્યારે સ્વર્ગ થકી પણ વિશેષ પણામાં ગણાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે માણસને કોઈપણ પદાર્થ ઉપર તીવ્ર ઇચ્છા હોય અને તે પદાર્થ તેમને પ્રાપ્ત થાય તો તે પદાર્થ થકી તે માણસ સ્વર્ગ થકી પણ વિશેષ સુખ માને છે.

સંપૂર્ણ અને તે કરતા પણ વિશેષ સ્નિગ્ધ આહાર કરવાથી જઠરાગ્નિ મંદ હો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી અને તે આહાર નહિ જરવાથી (નહિ પાચન થવાથી) સાયંકાલે (સંધ્યાસમયે) તેને અજીર્ણ થયું અને તે અજીર્ણથી વેદના પણ સંપૂર્ણ થવા લાગી. તે અવસરે ગુરૂ મહારાજે ગ્લાન સાધુની વૈયાવચ્ચ કરવાથી ધર્મને મહાલાભ થાય છે, એવો આદેશ કરવાથી મોટા-મોટા ગૃહસ્થો, રાજકુમારો તથા સાધુઓ શેકવું એટલે શેક કરવો, શરીરનું મર્દન કરવું, પગના તલીયાનું મસલવું. વિગેરે અનેક પ્રકારે દ્રમ્મક સાધુની વૈયાવચ્ચ કરવા લાગ્યા. તે અવસરે દ્રમ્મક સાધુ ચિંતવે છે કે અહો! અહો! આ મહા ભાગ્યવાન સાધુઓ તેમજ પુન્યશાલી પૈસાપાત્ર માણસો હું એક પામર ભિક્ષુ છું તો પણ મ્હારી વૈયાવચ્ચ કરી ચાકરી કરેછે તો ધન્ય છે આ ધર્મને. શ્રેષ્ટમાં શ્રેષ્ટ આજ ધર્મ છે. ઇત્યાદિક ભાવનાને ભાવતો વૈરાગ્યને પામેલો શુભ અધ્યવસાયથી મરણ પામી રાજગૃહ નગરને વિષે શ્રેણિક રાજાના પટ્ટને વિષે એટલે ગાદી ઉપર બીરાજમાન થવાની પરંપરાને વિષે અલંકારભૂત તેનો પુત્ર કોણીક એટલે શ્રેણિક મહારાજનો પુત્ર કોણિક તેને પટ્ટે ઉદ્દાયન, તેને પટ્ટે નવનંદ, તેને મૌર્યવંશ રૂપી આકાશને સુશોભિત કરવામાં ચંદ્ર સમાન શ્રી ચંદ્રગુપ્ત તેને પટ્ટે બિંદુસાર તેને પટ્ટે ઉજ્જયનીનો સ્વામી અશોક શ્રી તેને પટ્ટે કુણાલ રાજા તેના પુત્રપણે સંપ્રતિ નામે ત્રણ અંડનો અધિપતિપણે ઉત્પન્ન થયો. અર્થાત્ દ્રમ્મક સાધુનો જીવ સંપ્રતિ નામનો કુણાલ રાજાનો પુત્ર થયો. બાણુલાખ માળવાનો સ્વામી, મુખ્ય નગરી ઉજયનીમાંજ રાજ્ય કરવા લાગ્યો.

એકદા પ્રસ્તાવે સુહસ્તિસૂરિ મહારાજને દેખી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. અને પોતાના પૂર્વ ભવને જાતિસ્મરણ જ્ઞાનથી જાણી, ગુરૂ મહારાજને પોતાનો આત્મા જણાવવા માટે પુછયું કે, હે ભગવન્ અજાણપણાને વિષે અવ્યકત સામાયકનું ફળ શું? ગુરૂ મહારાજે જ્ઞાનોપયોગથી જાણી કહ્યું કે, રાજ્યફલં એટલે નહિ જાણતા છતા પણ જે પ્રાણિ અવ્યકત સામાયકને કરે છે તે રાજ્યફલ આપનારૂં થાય છે. એવું સાંભળી સંપ્રતિ રાજા ગુરૂ મહારાજના ચરણકમલમાં પડયો અને બોલ્યો કે, ગુરૂ મહારાજના ચરણકમલ તેજ રાજા છે. અર્થાત્ હે ભગવન્ આપના પ્રસાદથીજ આ રાજ્યપદ પ્રાપ્ત થયું છે તો યથાર્થ ખરા અને સત્ય રાજા તો આપજ છો. હું તો આપનો સેવક છું. એટલે આપ સાહેબ જે કાર્ય કરવાની આજ્ઞા આપો તે કરવા તૈયાર છું, માટે આ સેવકને આદેશ કરો, હુકમ કરો, આજ્ઞા આપો. શું ફરમાશ છે. રાજ્યને ગ્રહણ કરો, ત્યારે ગુરૂ મહારાજ બોલ્યા અમે તો નિઃસંગી સર્વથા કંચન કામિનીના ત્યાગી છીયે. અમારે રાજ્યનું કાંઇપણ પ્રયોજન નથી પરંતુ જો તમો અમારા ઉપકારને સ્મરણ કરતા હો તો અમો તમોને કહીયે તે પ્રકારે ધર્મકરણી કરો. આવી રીતે ગુરૂ મહારાજે કહેવાથી રાજાએ તેજ પ્રમાણે અંગીકાર કર્યું અને વચનથી અંગીકાર કર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ ગુરૂ મહારાજે જે જે ધર્મકાર્ય કહ્યું તે સર્વ કાર્ય સંપ્રતિ રાજાએ પૂર્ણરીતે કર્યું. ગુરૂભકિત સંપૂર્ણ રીતે કરી, ગુરૂ મહારાજને અનેક પ્રકારે પોષ્યા. શ્રીમાન્ સંપ્રતિ રાજાએ ગુરૂ મહારાજના ઉપદેશથી નિરંતર જૈન પ્રાસાદની નિષ્પત્તિ ઉત્પત્તિના સમાચાર જ્યાં સુધી ન મલે ત્યાં સુધી ભોજન કરવું નહિ. એટલે નિરંતર જૈન પ્રાસાદ નવીન થયાની વાર્તા સાંભલે ત્યારેજ ભોજન કરવું. આવા અભિગ્રહને કરી જૈન પ્રાસાદથી સંપૂર્ણ અંલકાર પૃથ્વીને કરી. એટલે ત્રણ ખંડની ભૂમિને મંડિત કરી સુશોભિત કરી.

સંપ્રતિ રાજાએ સવાલક્ષ જિનાલય બંધાવ્યા, તથા સવાકોટી નવીન જિનબિંબ ભરાવ્યા, છત્રીશહજાર જીર્ણોદ્ધાર કરાવ્યા. શિવાય નવીન પ્રાસાદ બંધાવ્યા. ગ્રંથાંતરે છત્રીશહજાર નવીન પ્રાસાદ કરાવ્યા, બાકી જીર્ણોદ્ધાર કરાવ્યા. પંચાણું હજાર પિત્તલમય પ્રતિમા ભરાવી અને છાયા ધ્રુવ વિજય મુહુર્ત્તને વિષે સર્વેની પ્રતિષ્ટા કરાવી તથા અનેક દાનશાળા, છાત્રશાળા, પૌષધશાળા, ધર્મશાળાઓથી ત્રણખંડની ભૂમિને વિભુષિત કરી તથા અનાર્ય લોકોને બોધ કરવા માટે અનાર્ય દેશમાં પોતાના વંઠ લોકોને સાધુનો વેષ પહેરાવી સાધુની સમાચારી તથા આહારપાણી ગ્રહણ કરવાની વિધિ બતાવી-શીખવીને શ્રી જૈનધર્મનું પ્રવર્ત્તન કરાવ્યું. અર્થાત્ અનાર્ય દેશમાં જૈનધર્મનો ફેલાવો કર્યો અને ગુર્વાદિકને રાજ્યપિંડ અકલ્પ્ય છતાં પણ દરેક પોતાના નગરનેવિષે ગુપ્ત દ્રવ્ય આપી, આહાર પિંડાદિ તથા વસ્ત્ર, પાત્ર પ્રમુખ પદાર્થો સુલભ કર્યા.

यदुक्तं श्री कल्पवृत्ति प्रथम उद्देशके

साहूण देहअेअं, अहंमेदाहामितत्तिअं मुल्लं,
नेच्छंति घरे घेत्तुं, समणा मम रायपिंडोत्ति. ॥ १ ॥

**ભાવાર્થ:-ભોભોજના !**-(હે હે લોકો!) તમે સાંભલો સાધુઓને જે જે વસ્તુ જોઇએ તે તે વસ્તુ તમો તેને આપજો અને તેનુ મૂલ્ય તમો તેના પાસે માગશો નહિં. હું તમોને પોતેજ આપીશ. આવી રીતે કરવાનું કારણ એ છે કે શ્રમણો (સાધુઓ) જે તે મ્હારા ઘરથી કોઇપણ વસ્તુ ગ્રહણ કરવાને ઇચ્છાતા નથી કારણ કે, રાજપિંડ તે અમોને અકલ્પનીય છે. આવી રીતે બોલી અમારા ઘરના કોઇપણ પદાર્થને તે ગ્રહણ કરતા નથી. માટે દુધ, દહી, ઘૃત, વસ્ત્ર, પાત્ર, ઔષધ વિગેરે જે માગે તે તેને આપજો. તેનું મૂલ્ય હું પોતે તમોને આપીશ. આવી રીતે શીખામણ આપી તે પ્રમાણે વર્ત્તાવી ગુરૂ મહારાજને શ્રી સંપ્રતિ રાજાયે કહ્યું કે હે ભગવન્ અનાર્ય દેશમાં આપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહેબ કેમ વિહાર કરતા નથી, ત્યારે ગુરૂ મહારાજે આહારાદિકની પ્રાપ્તિની અગવડ જણાવવાથી સંપ્રતિ રાજાયે કહ્યું કે સર્વત્ર મલશે. તેથી ગુરૂ મહારાજ શિષ્યાદિકના પરિવાર સહિત અનાર્યદેશમાં ગયા ત્યાં પૂર્વે શિક્ષા કરી રાખેલા સમજુતી આપેલા લોકો આહારાદિક વડે કરી સાધુઓની ભકિત કરવા લાગ્યા. એ પ્રકારે આહાર, વસ્ત્ર, પાત્ર વિગેરે બહુજ મલવાથી આર્યગિરિ મહારાજ આર્ય સુહસ્તિને પુછે છે કે હે આર્ય ! બહુજ આહારાદિક મલે છે તેથી રાજાયે તો લોકોને આ માર્ગમાં પ્રવર્ત્તાવ્યા નથી, ? આર્ય સુહસ્તિ તો જાણતાજ હતા કે રાજાયેજ આ કાર્ય કરેલું છે તો પણ પોતાના શિષ્યોના ઉપર મમત્વભાવથી કહેવા લાગ્યા કે, સાધુઓના પાછળ રાજધર્મ રહેલો છે ને રાજધર્મના પાછળ લોકો રહેલા છે, તો રાજધર્મના યોગથી લોકો સાધુઓને આહારાદિક આપે છે તેમાં કાંઇપણ બાદ નથી. તે અવસરે આર્ય મહાગિરિ બોલ્યા કે તમો પણ આવા જ્ઞાની થઇ અર્થાત્ બહુ શ્રુત છતાં પણ તમારા શિષ્યના ઉપર રાગદશાથી દોષિત આહારને જાણીને વપરાવતા છતાં પણ આવું બોલો છો તો આજથી મ્હારે ને તમારે વિસંભોગો એટલે આહાર પાણીની માંડલી જુદી જાણો. એમ કહી પૃથક ( જુદા ) થયા તે અવસરે આર્ય મહાગિરિ વિચાર કરવા લાગ્યા કે એકતો જાણતાં છતાં પણ મેં અકલ્પનીય આહાર શિષ્યાદિકને ગ્રહણ કરાવ્યો, બીજું અકલ્પનીય આહાર મેં પોતે પણ વાપર્યો અને હજી પણ એમ બોલું છું કે કાંઇ દોષ નથી તે ઠીક કહેવાતું નથી. એકતો બાલક અને તેને વલી મંદપણું પ્રાપ્ત થયું એટલે વિશેષ શિથિલ થઇ જાય છે, તેમ મ્હારે પણ વિશેષ શૈથિલ્યપણું પ્રાપ્ત થયું છે, તો પણ હજી સુધી મ્હારૂં કાંઇ બગડી ગયું નથી, હાલમાં પણ દોષિત આહારાદિકને ત્યાગ કરૂં આવો વિચાર કરી આર્ય મહાગિરિને કહ્યું કે, હે ભગવન્ મ્હારો અપરાધ ક્ષમા કરો. આવી રીતે પોતાના અપરાધને ખમાવી પ્રાયશ્ચિત લઇ અકલ્પનીય આહારાદિકને ત્યાગ કરીને શુદ્ધ થયા તેથી ફરીથી પણ આર્ય મહાગિરિ મહારાજ તેમના મંડલમાં મલી જઈ આહાર, પાણી સાથે કરવા લાગ્યા. ત્યારબાદ સંપ્રતિ રાજા આસપાસના તમામ રાજાઓને બોલાવીગુરૂ મહારાજ પાસે લઇ ગયો અને ગુરૂ મહારાજે વિસ્તારથી ધર્મનું સ્વરૂપ તેઓના પાસે પ્રગટ કર્યું. તેથી તે રાજાઓયે સમ્યકત્વને ગૃહણ કર્યું અને આત્મહિત કરવા ઉજમાળ થઇ દેવ-દર્શન પૂજાદિ તથા ગુરૂવંદન તથા ગુરૂનું બહુ માન વિગેરે ભકિતથી કરવા લાગ્યા. ત્યારબાદ સંપ્રતિ રાજાએ રથ યાત્રા કરી તથા જીનેશ્વર મહારાજની ઉત્તમ પુષ્પાદિકવડે કરી પરમ પૂજા કરી તથા નૈવેદ્ય વસ્ત્રાદિકથી વિશેષ પ્રકારે પૂજા કરીને સંપ્રતિ રાજાયે રાજાઓને કહ્યું કે—

**यतः**

जइमहजाणहसामिं, समणाण पण महासुविहाणं,
दव्वेणमेन कज्जं, एअं खुपिअं कुणहमज्झं. ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:-હે મહાનુભાવો જો તમે મને પોતાનો સ્વામી ગણતા હો (જાણતા હો) તો સારા સંયમ અનુષ્ઠાનાદિકને કરનારા એવા સાધુઓને વિધિ તથા ભક્તિથી નમસ્કાર કરો. મ્હારે તમારા દંડનો (રાજા વેરો લે તે) તેનો ખપ નથી. નિશ્ચય મને એજ પ્રિય છે કે તમો સાધુને નમસ્કાર વિગેરે કરી તેમના ઉપર પ્રીતિ ભાવને ધારણ કરો. અર્થાત્ સારી રીતે સાધુઓ તમારા દેશમાં વિચરી શકે તેમ કરો.

આવી રીતે શિક્ષા કરી (શિખામણ) આપી સંપ્રતિ રાજાયે તે રાજાઓને વિસર્જન કર્યા. પોતે પણ પોતાના રાજ્યમાં આણા પ્રવર્ત્તાવી તેથી અનાર્ય દેશ પણ સાધુને સુખેથી વિહાર કરવાનું સ્થાન થઇ પડયો.

સંપ્રતિ રાજાયે સમજાવી આદેશ આપેલા રાજાઓ પણ પોતપોતાના રાજ્યમાં જઇ, અમારીનો પટહ વગડાવી જૈન મંદિરો કરાવી દેવ દર્શન, પૂજા, ગુરૂભક્તિ વિગેરે કરવા લાગ્યા અને વિશેષે કરી દયા ધર્મ પાળવા લાગ્યા.

ત્યારબાદ સંપ્રતિ રાજાયે પોતાના માણસોને ફરીથી સાધુવેષ પહેરાવી કલ્પનીય આહારાદિકને લેવાની વિધિ શીખવી મોકલ્યા ને તે પણ દોષ રહિત આહારાદિક લેવા લાગ્યા તેથી સાધુઓને પણ દોષ રહિત સુલભ ભિક્ષા મળવા લાગી. એવી રીતે સંપ્રતિ રાજાના સમયમાં ઘણા રાજાઓ તથા જીવો શુદ્ધ પરિણામવડે કરી ભદ્રિકભાવી થયા.

उक्तं श्री कल्पवृत्तौ प्रथम उद्देशके

उदिणजोहाउल सिद्धसेणो, सपत्थिवोणिज्जिअ सतुसेणो,
समंतउ साहुसुपयारे, अकासिअं धेदसिलेअघोरे. ॥ १ ॥

**ભાવાર્થ**—જેના યોદ્ધાઓ સ્વપરાક્રમવડે કરી ચોતરફ ફેલાઇ રહેલા છે, અને એવા ઉદ્ભટ યોદ્ધાઓથી જેનું સૈન્ય મહા ઉલ્લાસપણાને ( વૃદ્ધિભાવને ) પામેલું છે; અર્થાત્ પરાક્રમવડે કરી મદોન્મત્ત એવા સૈન્યના યોદ્ધાઓથી શત્રુના સૈન્યનો નાશ કરીને સંપ્રતિ રાજાએ અંધાન્ આંધળા એવા અર્થાત્ ધર્મમાર્ગ થકી રહિત એવા મહા ઘોર ભયંકર અનાર્ય દેશોને પણ ચોતરફ સમકાલે સાધુઓ વિહાર કરી શકે તેવા કર્યા.

અને પ્રાંતે અંત અવસ્થાએ શ્રીમાન્ સંપ્રતિરાજા સદ્ગતિને પામ્યા. એવી રીતે લોભથી પણ ધર્મકરણી કરવાથી સદ્ગતિને પ્રાપ્ત થાય છે. તો જે ઉત્તમ પ્રાણિ લોભને ત્યાગ કરી ભકિતભાવથી ધર્મનું આરાધન કરે તે ભવ્ય ગતિનો ભોક્તા થાય તેમાં આશ્ચર્ય નથી.

इति लोभे श्री संप्रति नृपति जीवद्रम्मकसंबंधः संपूर्णः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અઢાર પાપસ્થાનક ચાલુ.

(અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૪૮ થી)

## પરિગ્રહ પાપસ્થાનક પાંચમું.

( પુનમ ચાંદની પુરી ખીલી અહીંરે.—એ રાગ. )

પાંચમું પાપનું સ્થાન પરિહરોરે, પરિગ્રહ મમતા દોષનું મૂળ;
નવવીધ પરિગ્રહ હદ સંક્ષેપીએરે.
પરિગ્રહ મૂર્ચ્છા વશ સહુ પ્રાણીનેરે, તપ જપ ધ્યાન ધર્મ પ્રતિકૂલ. નવ૦ એ ટેક.

સાખી.

ધન, ધાન્ય, વાસ્તુ, અને, દ્વિપદ, ચતુષ્પદ, રૂપ;
ક્ષેત્ર, કુપ્ય, સૂવર્ણની, વાંચ્છા દુર્ગતી કુપ.
શક્તિ પ્રમાણુ વિચારી વ્રત લઇ મન નિગ્રહ કરોરે,
ડૂબે સાયર મધ્યે ભારાક્રાંત સુયાન. .... .... ... નવવીધ૦ ૧

સાખી.

ગ્રહ સકળ અવધે નડી, સ્થાન થકી બદલાય;
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સ્થાન ભ્રષ્ટ નહિં થાય.
માત પિતા સુત સ્ત્રીના નામે પરિગ્રહ ફેરવેરે,
નિયમ ઉપર વધતા દુર્બુદ્ધિ મોહે થાય. .... .... નવવીધ૦ ૨

સાખી.

અહંમમ મુર્છા પરિહરો, અવિનાશી પરતંત;
સમભાવે સુખ પામીએ, મુનિ પણ પરિગ્રહવંત.
પરિગ્રહ મોહ વશે ફરતા જગ મધ્યે લીંગીયારે,
મન વચ કાય તજી કુમતિ રજ ધરતા શિર. .... .... નવવીધ૦ ૩

સાખી.

મધુ સંચય માખી કરે, કોણ રળે કોણ ખાય;
પરિગ્રહ મુર્ચ્છા વશ ભર્યા, તત્ત્વ કેમ શોધાય.
અજ્ઞાન કષ્ટ કરે અસંતુષ્ટ પરિગ્રહ ભર્યારે,
મુષક કરંડક કાપી સાપનું ભક્ષણ થાય. .... .... .... નવવીધ૦ ૪

સાખી.

સાઠ સહસ સુત સગરને, તોપણ તૃપ્તી ન થાય;
ગોધનમાં કુચીકર્ણનું, જીવતર એળે જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિનાશી આત્મા અતિ કઠિન કર્મ ભારે ભરેરે,
છંડી તત્ત્વ વસ્તુ ગ્રહે લોહ વણીક જેમ ભાર. .... .... નવવીધ૦ ૫

સાખી.

મહા મોહ મદિરા વશે, કાઢયો અનંતો કાળ;
પરિગ્રહ મુર્ચ્છા એ ભર્યો, સુખી ન ઇંદ્ર ભૂપાળ.
સમતા પૂર્વક પરિગ્રહ ત્યાગી જીવન ગાળતારે,
સુખીયા દિસે જગમાં સમભાવે મુનિરાજ. .... .... નવવીધ૦ ૬

સાખી.

પરિગ્રહ ભવોભવ મેળવી, કિધા કષ્ટ અપાર;
લક્ષ ચોરાશી યોનિમાં, ભમતા આવ્યો ન પાર.
નિયમ હદે રહિ સમતા પૂર્વક જીવન ગાળીયેરે,
કનક પરિગ્રહ વશ જગ ડૂબે નંદ સકર્ણ. .... .... નવવીધ૦ ૭

સાખી.

અનંત પરિગ્રહ ભોગવ્યા, તોપણ તૃપ્તી ન થાય;
ઇંધણ સમૂળ અગ્નિ મુખે, વારી વિના ન બુજાય.
સંતોષ વારી સમ અડગ વ્રતે બુજાવીએરે,
"દુર્લભ" તત્ત્વ ગ્રહણ કરતા શાશ્વત સુખ થાય. .... .... નવવીધ૦ ૮

લેખક.

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા—વળા.

## દાનવીર રત્નપાળ.

( ગતાંક પૃષ્ટ ૧૭૮ થી શરૂ. )

**રત્નપાળને કનકમંજરી અને ગુણમંજરી નામની બે કન્યાની પ્રાપ્તિ.**

એક વખતે ગ્રીષ્મ રૂતુ આવતાં રાજા રત્નપાળને ગંગા નદીના શીતળ જળમાં જલ ક્રીડા કરવાની ઇચ્છા થઇ. આથી તે રાજા નાવમાં બેઠો તેવામાં પછવાડાનો પ્રબળ વાયુ પ્રગટ થઇ આવ્યો. તેનાથી પ્રેરાએલી નાવિકા વાયુ વેગે પૂર્વ તરફ ચાલી. તે વખતે નાવ ઉપર બેઠેલા રાજાને બંને તીર ઉપર રહેલ ગ્રામ—આરામ વગેરે જાણે ચક્રારૂઢ થઇ ફરતા હોય તેમ દેખાવા લાગ્યા. રાજા તેને કૌતુકથી જોતો હતો. બે ઘડી થઇ તેવામાં તો તે નાવ પૂર્વ સાગરના તટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર આવી પોહોંચ્યું ત્યાં જાણે સ્ખલિત થયું હોય તેમ વાહાણ એકદમ અટકી ગયું. એટલે રાજા પોતાની મેલે ત્યાં ઉતરી પડયો અને તટ ઉપર આવી ઉભો રહ્યો. તેવામાં કોઇ એક પુરૂષ ત્યાં આવ્યો અને તેણે વિનયથી આ પ્રમાણે કહ્યું, " હે ભદ્ર, ' હું અહિં પરદેશમાં કયાંથી આવ્યો ' એવો ખેદ કરશો નહીં. મહાનુભાવ એવા તમારા અહીં આગમનથી સર્વ રીતે નિશ્ચય થાય છે કે, તમારા ભવિષ્યનું સર્વ પરિણામ સારૂં આવશે. " તે પુરૂષના આ વચન સાંભળી રાજા બોલ્યો હે સૌમ્ય, પરિણામ જાણવું, એ દુર્લક્ષ છે, છતાં તમે કયા શુકનોથી કે નિમિ-ત્તોથી જાણી શકો છો ? " તે સત્યવાદી પુરૂષ બોલ્યો હે સત્વનિધિ, હું ઉત્તર કાળ કેવી રીતે જાણું છું, તે વૃત્તાંત હમણા કહું તે આપ સાંભળો. " આ પૂર્વદેશ કહેવાય છે. તેના તાબામાં દશક્રોડ ગામ છે અહીંથી નજીક **રત્નપુર** નામે તે દેશની રાજધાનીનું નગર છે. તેમાં રહી **રત્નસેન** નામે રાજા રાજ્ય ભોગવે છે. રાજા રત્નસેનને અગીયાર લાખ મોટા પરાક્રમી ગજેંદ્રો છે, વીશ લાખ રથો છે, દશલાખ ઘોડાઓ છે, અને દશ કોટી રાણીઓ છે. આવી સામગ્રી છતાં પણ કોઈ કર્મયોગે હૃદય અને નેત્રને આનંદ આપનારો પુત્ર નથી. એ રાજાને **કનકાવળી** નામની રાણીથી **કનકમંજરી** અને **ગુણમંજરી** નામે બે પુત્રીઓ થઈ છે. તેઓ અનુક્રમે યૌવન વયને પ્રાપ્ત થતાં કોઇ પૂર્વના પાપ યોગે એકને ગળત્ કોઢ થયો છે. અને બીજી અંધ થઇ ગઇ છે. રાજાના આદેશથી વિવિધ શાસ્ત્રોને જાણનારા હજારો વૈદ્યોએ તેણીના લાંબો વખત અનેક ઉપચારો કર્યા અને માંત્રિકોએ ઘણાં ખાત્રીવાળા મંત્રો, તંત્રો અને યંત્રોથી સારા ઉત્સાહ પૂર્વક અનેક ઉપાયો કર્યા અને બીજા ઘણાં ઇલમદારોએ મર્યાદા પ્રમાણે તેમાં યત્ન કર્યો તથાપિ કર્મના પ્રભાવે તે બંને રાજબાલાઓને કાંઈ પણ ગુણ થયો નહીં. છેવટે ' પોતાનો મનુષ્ય જન્મ ફોગટ છે ' એમ માની રોગથી પીડિત એવી તે બંને રાજ બાળાઓ મરવાને તૈયાર થઇ. તેમના ગાઢ સ્નેહ રૂપી પાશથી જેમના હૃદય બંધાએલા છે, એવા રાજા રત્નસેન અને રાણી કનકાવળી બંને પણ માતપિતા તેમની પાછળ મરવાને ઇચ્છવા લાગ્યા. આ પ્રસંગે ' શું કરવું ' એવા વિચારમાં મૂઢ બનીગયેલા મંત્રીઓએ વિવિધ જાતની પૂજાઓથી રાજ્યની અધિષ્ટાત્રી દેવીની આરાધના કરવા માંડી. એક વખતે તે દેવીએ પ્રસન્ન થઇ આકાશમાંથી સર્વ સાક્ષીએ આ પ્રમાણે સ્પષ્ટ કહ્યું. " મારા પ્રયોગથી પાટલિપુત્રક નામના નગરમાંથી **રત્નપાળ** નામે એક રાજા નાવ ઉપર બેશીને અહિં આવશે તે મહાત્મા આ બંને રાજકન્યાને નીરોગી કરશે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવીના આ વચનો સાંભળી રાજા વગેરે સર્વે હૃદયમાં ખુશી થઇ ગયા, અને પછી તત્કાળ તે દેવી વિદ્યુતની સ્ફુરણાની જેમ અદૃશ્ય થઇ ગયા. હે મહારાજા, તે બંને રાજકન્યાઓના રોગની શાંતિને માટે તે દેવી આપને અહિં લાવેલ છે. આ નગરથી આપની રાજધાની પાંચસો યોજન દૂર છે. દેવીના વચનથી આપના આગમનના ખબર જાણી રાજા રત્નસેન વગેરે મોટી સમૃદ્ધિ સાથે હમણાજ આપની સન્મુખ આવે છે.” આ પ્રમાણે તે વૃત્તાંત કહેતો હતો, તેવામાં તો પેલા સર્વે ત્યાં આવી પોહોચ્યાં. તેઓ રાજાને મળી અને નમી મોટા ઉત્સવો સાથે તેને નગર તરફ લઈ ગયાં. ત્યાં પોહોચ્યા પછી પરોપકાર કરવામાં તત્પર એવા રાજા રત્નપાળને બંને રાજકન્યાને નીરોગી કરવા માટે રાજા વગેરેએ પ્રાર્થના કરી. રાજા રત્નપાળે, ‘આ સર્વ અવસરે ઉપયોગી થનારો રસ શરીરની સાથે રાખવો જોઇએ’ એવું ધારી પેલા ચમત્કારી રસની એક શીશી પોતાના બાજુબંધમાં રાખી હતી. તેમાંથી રસ લઈ તે કૃપાળુ રાજાએ એક કન્યાના લલાટ ઉપર લગાડયો એટલે તેણીનો ગળત્ કોઢ મટી ગયો અને તે સુવર્ણના જેવી કાંતિવાળી બની ગઇ, તે પછી ફરીથી તેમાંથી થોડો રસ લઇ બીજી અંધ કન્યાના નેત્રમાં તેનું અંજન કર્યું, એટલે તે બાળા તત્કાળ દિવસે પણ તારાના જેવી દૃષ્ટિવાળી થઇ ગઈ. આ બનાવથી રાજા રત્નસેન ઘણોજ ખુશી થયો. રત્નપાળ રાજાએ તે બંને કન્યાઓને ગુણોથી ખરીદી લીધી પછી રાજા રત્નસેને તે બંને પુત્રીઓ તેને આપી દીધી અને મોટા ઉત્સવથી તેમનો વિવાહ કર્યો. વિવાહવિધિ પૂર્ણ કર્યા પછી આ સંસાર તરફ ઉદ્વેગ પામેલા રાજા રત્નસેને પોતાના જામાતા રત્નપાળને પોતાનું રાજ્ય આપી સ્વયં દીક્ષા ગ્રહણ કરી. રાજા રત્નપાળ પોતાની બંને પ્રિયા સાથે કેટલાએક દિવસ સુધી રહી રાજ્ય ચલાવ્યું. પછી તે રાજ્ય મૂલ મંત્રીઓને સોંપી પોતે પોતાના નગર તરફ આવવાને રસ્તે પડયો. તે વખતે હાથમાં ઉંચી જાતની ભેટો લઇ અનેક રાજાઓ તેને મળી માન આપતા હતા અને સૈન્યથી પૃથ્વીને દબાવતો તે માર્ગે ચાલ્યો આવતો હતો.

આ તરફ રત્નપાળ રાજાની રાજધાનીમાં એવું બન્યું કે, જ્યારે રાજાને નાવ સમુદ્રમાં ઘસડી ગયું, ત્યારે તેના સામંતો અને મંત્રીઓ ‘હવે શું કરવું?’ એમ વિચારમાં જડ બની ગયા અને પરસ્પર ઉદ્વેગ પામી આ પ્રમાણે કહેવા લાગ્યા. “અરે! આપણા રાજાની શુભાશુભ ખબર કયાંઇ મલતી નથી. હવે આ ધણી વિનાના રાજ્યનું શીરીતે રક્ષણ કરવું? પ્રાયે કરીને સ્વામી વગરનું રાજ્ય સારી રીતે રક્ષણ થઇ શકતું નથી. નિર્જીવ અંગમાં જેમ દેવતાઓ પેશી જાય તેમ દુષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત્રુઓ આવી તેમાં પેશી જાય છે. તો હવે એવો રસ્તો લેવો કે, તે મહાભાગ્ય બળવાળા મહારાજા રત્નપાળનું રાજ્ય તેમની પાદુકારૂપ થાય અને આપણી કૃતજ્ઞતા પણ તેમાંજ રહે" આવું વિચારી સર્વ સામંત અને અમાત્યોની એક સંમતિથી રાજવર્ગના લોકોએ રાજ્યના સિંહાસન ઉપર રત્નપાળની પાદુકા સ્થાપિત કરી અને તેને નમન કર્યું. તે રાજ્ય સારા રાજાવાળું ગણાવાથી શૂન્ય રહ્યું તે છતાં પણ દાન સન્માનથી સંતોષ પામેલા રાજાઓના મન જુદા પડયા નહીં.

આ અરસામાં રાજા રત્નપાળ આવી પોહોચ્યો. તેના દર્શન કરવામાં ઉત્કંઠિત થયેલા અને અખંડ સ્નેહ રાખનારા તે સર્વે તત્કાળ ખુશીથતાં તેની સામે આવ્યા. રાજા રત્નપાળે તેમને યોગ્યતા પ્રમાણે બોલાવી માર્ગે રહેલા દીન અને દુઃસ્થિત લોકોને દાનથી પ્રસન્ન કરતાં પોતાના નગરમાં પ્રવેશ કર્યો. ઉદયગિરિ પર આવેલો સૂર્ય જેમ ચક્રવાકીઓને આનંદ આપે તેમ સભાના સિંહાસન ઉપર બેશી રત્નપાળે પોતાની સર્વ પ્રજાને આનંદ આપ્યો. તે પછી રાજા અંતઃપુરમાં ગયો ત્યાં ચિરકાળ પોતાના વિયોગરૂપ અગ્નિથી જેમના મન પ્રજવલિત થયેલા છે, એવી પોતાની સર્વ પ્રિયાઓને સ્નેહ પૂર્વક યોગ્ય આલાપથી ખુશી કરી.

**રાજા રત્નપાળની સમૃદ્ધિ.**

દાનવીર મહારાજા રત્નપાળને ૧ **શૃંગારસુંદરી, ૨ રત્નવતી, ૩ પત્રવલ્લી, ૪ મોહવલ્લી, ૫ સૌભાગ્યમંજરી, ૬ દેવસેના, ૭ ગંધર્વસેના, ૮ કનકમંજરી અને ૯ ગુણમંજરી** એ શુદ્ધ શીળવાલી નવ પટરાણીઓ થઇ હતી. તેને સ્વર્ગના જેવી સમૃદ્ધિવાળા વીશ કોટી ગામો હતા, રત્નોની ઉપજવાળા વીશ હજાર શેહેરો હતા, બાર હજાર બંદરો હતા, દશ હજાર બેટ હતા, દશ હજાર મુગટબદ્ધ રાજાઓ તાબામાં હતા, ચાલીશ કરોડ પેદલ સેના હતી, ત્રીશલાખ ગજેંદ્રો હતા, ચાલીશ લાખ રથો અને ઘોડાઓ હતા, અને પાંચ હજાર જલદુર્ગ—ખાઇઓ હતી. ગદ વગેરે દશ હજાર વિદ્યાધરો તેની સેવા કરતા હતા. તે મહારાજાને દીન, દુઃખી અને પોતાના ઘરના આશ્રિત જનોને પોષણ આપવામાં પ્રતિદિન એક કોટી સુવર્ણનો ખર્ચ હતો, તે ખર્ચના જેટલું સુવર્ણ તેને પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થયેલા પેલા તુંબડાના રસમાંથી પેદા થતું હતું. તે રસના પ્રભાવથી તેના રાજ્યમાં આધિ, વ્યાધિ અને સાત ૧ઇતિઓ કદિપણ પ્રસરતી નહતી. મહારાજા રત્નપાળને અનુક્રમે શત્રુઓને ઉન્મૂલિન કરનારા મેઘરથ વગેરે સો પુત્રો થયા હતા.

૧ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ટીડ, ઊંદર, શુડા, સ્વચક્ર અને પરચક્ર એ સાત ઇતિ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા ઐશ્વર્યથી શોભતા મહારાજા રત્નપાળને સુખ સાગરમાં ખેલતાં ખેલતાં દશ લાખ વર્ષો દિવસની જેમ વીતી ગયા હતા.

**મહામુનિ મહાસેનનો રત્નપાળને થયેલો સમાગમ.**

એક વખતે જાણે મૂર્ત્તિમાન્ ધર્મ હોય તેવા **મહાસેન** નામે મહામુનિ પુરજનો પર અનુગ્રહ કરવાની ઇચ્છાથી તે નગરમાં આવી ચડયા. મિથ્યાત્વરૂપી વિષના વેગને નાશ કરનારૂં જેમનું વચનામૃત છે, એવા તે મહાત્માને વંદના કરવાને અનેક નગરજનો આવવા લાગ્યા. તે વખતે જંગમતીર્થરૂપ એવા તે મુનિની ઉપાસના- કરવાને રાજા રત્નપાળ પણ પોતાના અંતઃપુર તથા પરિવાર સહિત આવ્યો.

**મહામુનિ મહાસેનની ધર્મ દેશના.**

આ સંસારરૂપી અપાર જંગલને ઉતારવામાં જામીનરૂપ એવા તે શ્રેષ્ઠ મુનિએ તે કાળે ધર્મ માર્ગનો આ પ્રમાણે ઉપદેશ આપ્યો. "જે મનુષ્ય દુઃખથી નિત્ય આવી પડતા એવા જન્મ, જરા, મૃત્યુ અને રોગ વગેરેથી ભય પામી અત્યંત સુખરૂપ એવા મોક્ષપદ પ્રત્યે જવાની ઈચ્છા રાખે છે, તેણે આ સંસારને ઉતારવામાં નાવ જેવા આર્હત ધર્મનું પ્રતિદિન આરાધન કરવું જોઇએ તે આર્હત ધર્મ અંતરના શત્રુ કામ, ક્રોધ વગેરેનો જય કરવાથી સુસાધ્ય થાય છે, તેઓમાં પણ આત્મા મુખ્ય છે તે એક આત્માને જીતવાથી બીજા સર્વે જિતાય છે. તેને માટે આગમમાં લખે છે કે, " એકને જીતવાથી પાંચ જીતાય છે, પાંચેને જીતવાથી દશ જીતાય છે અને દશને જીતવાથી હું સર્વ શત્રુઓને જીતી લઉં છું. એક આત્મા ન જીતવાથી કષાયો અને ઇંદ્રિયો જીતાતા નથી, તેથી તેને જ્ઞાન પ્રમાણે જીતી હું મુનિ થઈ વિહાર કરૂં છું. "

જેઓ રણ ભૂમિમાં સેંકડો, હજારો અને લાખો શત્રુઓને જીતી શકે છે, તેવા ક્રૂર હૃદયવાળા શૂરવીરો પણ આત્માને જીતવા સમર્થ થતા નથી. જેઓ પોતાની બે ભુજાથી ભારે કોટિ શિલાને લીલા માત્રમાં ઉથલાવી નાંખેછે એવા યુદ્ધવીર પુરૂષો પણ આત્માને જીતવા સમર્થ થતા નથી. જેઓ કુલવાન્ વકતા, અને સર્વ વિદ્યાઓને જાણનારા છે, તેવાઓથી આત્માને નિયમમાં રાખી સ્વહિતમાં જોડી શકાતો નથી. નંદિષેણ જેવા મહામુનિ કે જેઓ પોતાની વાણીથી પ્રતિદિન દશ મનુષ્યોને પ્રતિબોધ આપતા, તથાપિ તેઓ પોતે વિષયોને ભોગવતા હતા. તેને માટે આગમમાં લખ્યું છે કે, " મહામુનિનંદિષેણની શકિત એવી હતી કે, તેઓ પ્રતિ દિવસ દશ અથવા તેથી વધારે મનુષ્યોને પ્રતિબુદ્ધ કરતાં તથાપિ તેમને સંયમમાં વિપત્તિ આવી હતી. વલી તેઓ શ્રીવીરભગવંતના શિષ્ય અને શ્રેણિકરાજાના પુત્ર તથાપિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ્યામાં આસક્ત બન્યા હતા. ”

કોઇ મનુષ્ય પોતાની ભુજાના બલથી યુદ્ધમાં એક લાખ શત્રુઓને જીતે અને માત્ર એક આત્માને જીતે તો તેથી તેનો પરમ જય સમજવો. અનેક પુરૂષો ઉન્મત એવા ગજેંદ્રોને સુખે દમન કરે છે, પરંતુ કોઇનાથી નિરંકુશ એવો આત્મા દમન કરી શકાતો નથી. વિદ્વાનો કહે છે. કે “ગધેડા, ઉંટ, ઘોડા, બલદ અને ઉન્મત હાથી એ દમન કરી શકાય છે પણ પોતાનો નિરંકુશ આત્મા દમન કરી શકાતો નથી. સંસારથી ઉદ્વેગ પામેલા જે સંવેગીઓ આત્માને દમે છે, તેઓ આ લોક તથા પરલોકમાં સુખી થાય છે. તેથી આત્માનેજ દમવો જોઇએ. કારણ કે, આત્મા એક દુઃખે દમી શકાય તેવો છે. આત્માનું દમન કરનાર આ લોક તથા પરલોકમાં સુખી થાય છે તે આત્માનો જય તેના ચિન્હોથી જણાય છે, કાંઇ ભાષણોથી જણાતો નથી. સૂર્યનો ઉદય કાંતિથીજ જણાય છે કાંઇ ઘણાં સોગન ખાવાથી જણાતો નથી. તે આત્માનો જય શમ, સંવેગ નિર્વેદ, આસ્તા, મૈત્રી, દયા, દમ, સમતા, અને મમતા વિગેરે ચિન્હોથી જણાઇ આવે છે. જેમણે આત્માને જીતેલ છે, એવા પુરૂષોના હૃદયમાં સંસારના અનાદિ અભ્યાસથી થયેલી સાંસારિક સુખની ઇચ્છા પ્રાયે કરીને કદિ પણ ઉત્પન્ન થતી નથી. આત્માને જિતનારા પુરૂષો હૃદય શુદ્ધિવડે સર્વજ્ઞ કથિત સદ્ધર્મના અનુષ્ટાનમાં સર્વ બલથી નિરંતર યત્ન કરે છે. તેથી કરીને સદાચરણના ઉદ્યોગથી સંસારને તરનારા જિતાત્મા પુરૂષો અલ્પ સમયમાંજ પરમપદને પ્રાપ્ત કરે છે. આ પ્રસંગ ઉપર મુગ્ધભટ્ટની પત્ની **સુલક્ષણાનું** એક પ્રખ્યાત દૃષ્ટાંત છે. જે સુલક્ષણા પોતાના આત્માને જીતી અલ્પ સમયમાં પરમપદને પ્રાપ્ત થઇ હતી.

અપૂર્ણ.

# ज्ञान संवाद.

(ગતાંક પૃષ્ટ ૧૮૨ થી શરૂ.)

મનઃપર્યાય જ્ઞાનના આ વચનોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાને અનુમોદન આપ્યું. તે પછી અવધિજ્ઞાને પોતાના સ્વરૂપનું વૃત્તાંત શરૂ કર્યું. “મિત્રો, હું અવધિજ્ઞાન જૈન આગમમાં પ્રખ્યાત છું ૧ **ભવ પ્રત્યય** અને ૨ **ક્ષયોપશમ નિમિત્ત** એવા મારા બે પ્રકાર છે. જે કેવળ જન્મ માત્રના કારણથી ઉત્પન્ન થાય તે **ભવ પ્રત્યય** કહેવાય છે. મનુષ્યાદિ ચાર ગતિમાંથી નર્કગતિ અને દેવગતિને વિષે મારી ઉત્પત્તિ કેવળ જન્મ નિમિત્તથીજ થાય છે, એટલે તેઓને અવધિજ્ઞાન થવામાં નરકયોનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા દેવયોનિમાં ઉત્પત્તિ થવી એજ એક હેતુ છે. તેનું સ્પષ્ટીકરણ કરવામાં વિદ્વાનો આકાશગામિ પક્ષિનું દૃષ્ટાંત આપે છે. જેમ પક્ષીઓમાં જન્મ થવો તે આકાશગમનનો હેતુ છે. અર્થાત્ જેમ પક્ષીઓનો જન્મજ આકાશગતિનું કારણ છે. નહીં કે શિક્ષા કે તપ વગેરે. તેવીજ રીતે નારકી અને દેવોને ઉત્પત્તિ માત્રથીજ અવધિજ્ઞાન થાય છે. એથી નારકી અને દેવતાઓ કેટલીએક અદ્ભુત શક્તિ ધરાવે છે, તેને લઇને આ વિશ્વ ઉપર મારી મોટી પ્રતિષ્ઠા ગણાય છે.

મિત્રો, જે મારો બીજો **ક્ષયોપશમ નિમિત્તક** નામે ભેદ છે, તેનો અર્થ સમજવા જેવો છે. અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષય તથા ઉપશમના નિમિત્ત–કારણથી જે અવધિજ્ઞાન થાય તે **ક્ષયોપશમ નિમિત્તક** કહેવાય છે. આ પ્રકારનું જ્ઞાન તિર્યંચ અને મનુષ્ય યોનિમાં પણ થાય છે. આ બીજા ભેદના છ પ્રકાર પડે છે. **૧ અનાનુગામિક, ૨ આનુગામિક, ૩ હીયમાન, ૪ વર્દ્ધમાનક, ૫ અનવસ્થિત** અને **૬ અવસ્થિત** એવા તેના નામ છે. આ છ ભેદની વ્યાખ્યા શાસ્ત્રકારે એવા ઉંચા પ્રકારથી કરેલી છે કે, જે સાંભળવાથી વિદ્વાન્ શ્રોતાઓના હૃદય સાનંદાશ્ચર્ય બની જાય છે. મિત્રો, મારા સ્વરૂપની આ આશ્ચર્યકારિણી શક્તિ સાંભળી આપ સર્વને ખાત્રી થશે કે, આ ઉચ્ચ આસન ઉપર બેશવાનો મારો અધિકાર સર્વ પ્રકારે સ્તુત્ય છે. અને આપ સર્વ તેમાં સંમત થયા વિના રહેશો નહીં."

અવધિજ્ઞાનની આ આત્મપ્રશંસાની વાણી સાંભળી સર્વ જ્ઞાનમિત્રો આનંદિત થઇ ગયા. પરંતુ મનઃપર્યવ જ્ઞાનના હૃદયમાં જરા માનનો ઉદય થઇ આવ્યો. તત્કાળ તેણે આક્ષેપથી જણાવ્યું "મિત્રો, આપણા મિત્ર અવધિજ્ઞાનના હૃદયમાં જે આશા ઉદિત થઇ છે, તે આશા મારા હૃદયમાં પણ ઉદિત થઇ છે. મને લાગે છે કે, આ ઉચ્ચ આશન ઉપર બેશેલા મને જોઇ તમો સર્વે ખુશી થયા વિના રહેશો નહીં. તમારા સર્વની દરેક મિત્ર ઉપર સમાન દૃષ્ટિ દેખાય છે."

મનઃપર્યવ જ્ઞાનની આ ઇચ્છા જાણી સર્વ જ્ઞાનમિત્રો મૌન ધરી રહ્યા. ક્ષણવારસુધી કોઇપણ બોલ્યું નહીં. ત્યારે અવધિજ્ઞાને પરમ પવિત્ર સર્વોપરિ દૃશ્યમાન એવા મહાત્મા કેવળ જ્ઞાનની સન્મુખ જોયું. વીતરાગ ભાવથી સુશોભિત અને સદા આનંદ ઉદધિમાં મગ્ન રહેનારા કેવળજ્ઞાને સ્મિત વદનથી પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો, પણ કોઇ જાતની વાણી ઉચ્ચારી નહીં. ક્ષણવાર રાહ જોયા પછી અવધિજ્ઞાને નમ્રતાથી જણાવ્યું "હે ભદ્ર મનઃપર્યવ જ્ઞાન, તમારી ઇચ્છા જાણી આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ મિત્રોની સાથે હું હર્ષિત થયેલ છું, પરંતુ તમારૂં શુદ્ધ સ્વરૂપ સાંભળવાની સર્વને ઇચ્છા છે, તો તમે તમારા સ્વરૂપનું વૃત્તાંત જણાવશો જે ઉપરથી તમારી સત્તા અને શક્તિ સર્વના જાણવામાં આવે." અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

સર્વ વિદિત છે કે હાલમાં પાલીતાણા શહેરને ઉપરા ઉપરી આફતો આવતી જાય છે. ગયા જેઠ માસમાં જળનો ઉપદ્રવથી જે જાનમાલની હાની થઈ છે, તે હજી ભૂલી જવાણું નથી. દરમ્યાન પ્લેગની વ્યાધિ શરૂ થઇ છે, આવા સમયમાં તેવા પ્રકોપની શાંતિ નિમિત્તે શાંતિસ્નાત્ર–મહાપૂજા, તપસ્યા વગેરે ધર્મના અનેક કાર્યો થવા જોઇએ. તે વાત સર્વ માન્ય હોઇને તત્ર સ્થળે બીરાજમાન આપણા ઉપકારી ધર્મગુરૂઓ મુનિ મહારાજાઓએ ઉપવાસાદિ ક્રીયા કરેલી છે. સાંભળવા પ્રમાણે પંન્યાસજી શ્રીમદ્ ચતુરવિજયજી મહારાજે અગીયાર ઉપવાસ કર્યાં હતા. તેમજ મુનિ અમૃતવિજયજી કે, જે ઉક્ત પંન્યાસજી મહારાજના પ્રશિષ્ય છે તેમણે પણ તેટલાજ ઉપવાસ કર્યા હતા. મહોપકારી શ્રી વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજના પ્રશિષ્ય હુકમવિજયજીએ નવ અને વિદ્વદ્રત્ન શ્રીમાન્ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજના નવા દિક્ષીત શિષ્ય મુનિ યત્નવિજયજી કે જેણે હાલમાં દિક્ષા લીધી છે. તેમણે આઠ ઉપવાસ કર્યા છે. આ સિવાય બીજા પણ સાધુ સાધવી મહારાજાઓએ પણ તપસ્યા કરી છે. સમાજ ઉપર દરેક પ્રાણી ઉપર જેની અનુકંપા તથા ઉપકાર કરવાની બુદ્ધિ છે તેમને માટે જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. આવા મહાત્માઓની ઉગ્ર તપસ્યાથી ચાલતા વ્યાધિની શાંતિ થાઓ એવી અધિષ્ટાયક પ્રત્યે પ્રાર્થના છે.

## ઇંગ્લીશ પાર્લામેન્ટમાં જીવદયા માટે રજુ થનારૂં બીલ.

પીછાંની ફેશનેબલ વસ્તુઓ બનાવવા માટે નિર્દોષ પક્ષીઓનો પ્રતિવર્ષ કચ્ચરઘાણ નીકળી જાય છે, તેથી આપણે સારી રીતે માહેતગાર છીએ તોપણ તે સંબંધમાં તા. ૨૭ મી સપટેમ્બર સને ૧૯૧૩ ના જાણીતા The "Times of India" ની અધિપતિની નોંધમાં એક એવા પ્રકારનો લેખ રજુ થયો હતો કે, પક્ષીઓનાં પીછાં ઇંગ્લંડ મોકલવા માટે સિંધમાં માછી લોકો પક્ષીઓને પાળે છે, અને જ્યારે તેઓને એકથી બીજી જગ્યાએ લઇ જવામાં આવે છે, ત્યારે પક્ષીઓને પીંજરામાં ઉપરાઉપર ગોંધવામાં આવે છે, અને તે વખતે તેઓ અંદર અંદર લડીને એક બીજાનો નાશ ન કરી શકે તેટલા માટે માછી લોકો તે પક્ષીઓની આંખ દોરાથી સીવી દે છે; અને એવી રીતે એ માણસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘાતકી વર્તન કરતા પકડાયાથી તે દરેકને કરાંચી કોર્ટમાં રૂા. ૩૦ દંડ કરવામાં આવ્યો હતો. આ શિક્ષા બહુ થોડી હતી. વીગેરે મતલબનો આર્ટીકલ ઉપર જણાવ્યા પ્રમાણે The " *Times* of India " માં પ્રસિદ્ધ થતાં તેની સાબીતી આપીને **આ ફંડના સ્થાપક અને જીવદયાના જાણીતા હીમાયતી રા. રા. લાભશંકર લક્ષ્મીદાસ** જુનાગઢવાળાએ The Plumage Trade Horrors નામનું હેન્ડબીલ છપાવીને તેઓએ મને વાંચવા મોકલેલું, અને તે બહુ ઉપયોગી હોવાથી રા. રા. લાભશંકરની સુચના અનુસાર તે હેન્ડબીલ ઉપરથી ઈંગ્લીશ પાર્લામેન્ટને એક અપીલ આ ફંડ તરફથી નવેમ્બર ૧૯૧૩ ની તા. ૧ લીના રોજ લંડનની The order of the Golden Age મારફત મોકલવામાં આવી છે, દરમીયાન દયાળુ વાંચનાર જાણીને ખુશી થશે કે. ના૦ દયાળુ બ્રીટીશ પાર્લામેન્ટે હાલમાં પીછાંઓ મેળવવા માટે પક્ષીઓ ઉપર થતો જુલમ ધ્યાનમાં લઇને તે વેપારને જેમ બને તેમ અટકાવવા માટે એક બીલ તૈયાર કરેલું છે, કે જે મી૦ મોન્ટેગ અને વેપાર ખાતાનાં પ્રમુખ તપાસીને નામદાર પાર્લામેન્ટની હવે પછીની બેઠક વખતે રજુ કરશે એવું નક્કી થયું છે.

પરદેશમાંથી પક્ષીઓનાં ચાંમડાં અથવા પીછાં ઈંગ્લાંડમાં તો તે આવતાં અટકાવવાં અને તેની આયાત તદ્દન બંધ કરવી એવો આ બીલનો હેતુ છે, કે જેથી આડકતરી રીતે આ દયાળુ કામને ઉત્તેજન મળી શકે.

પોતાના સુંદર અને મધુર કંઠોથી આલ્હાદ કરતાં બીચારાં નિર્દોષ અને ખુબસુરત પક્ષીઓનાં પીછાં મેળવવા માટે તે બીચારાંઓનો બહુ ક્રૂર રીતે નાશ કરવામાં આવે છે અને તે બાબતનું વર્ણન કવિતારૂપે લેડી નાઇટીંગલે બહુ અસરકારક રીતે લખ્યું છે. મતલબ એ રીતે નિર્દોષ કુમળાં પક્ષીઓ ઉપર ફેશનને માટે થતું ઘાતકીપણું અટકાવવા માટે નામદાર પાર્લામેન્ટે જે સવાલ હાથ ધરેલો છે તથા જે બાબત જે બીલ રજુ થનાર છે તે ઉપર બરાબર ધ્યાન આપી, પીંછાં માટે ગરીબોના લેવાતા જાન બચાવવા માટે ના૦ દયાળુ પાર્લામેંટ ઠરાવ પસાર કરે, એવી મહારી તેના સભ્ય સભાસદો હજુર નમ્ર વિનંતિ છે.

ઇજીપ્ટમાં પણ પીછાં માટે પક્ષીઓને નહિ મારવાના ઠરાવો ઇસ્વી ૧૯૧૩ ના નવેમ્બર માસમાં બહાર પડેલાં છે, અને હિન્દુસ્થાનમાં પણ તેવીજ રીતના ઠરાવો દેશી રાજ્યકર્ત્તાઓ પસાર કરે અને રંગબેરંગીન પચરંગી પીછાંઓથી શોભતાં પક્ષીઓના પ્યારા પ્રાણ બચાવવા માટે દયાળુ ઠરાવો પસાર કરી આશીષ મેળવવા ભાગ્યશાળી થાય, એવી તેઓ હજુર મારી પ્રાર્થના છે.

| | |
|---|---|
| શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ ઓફીસ,<br>૩૦૯, શરાફ બજાર–મુંબઇ, નાં૦ ૨<br>૧૬–૨–૧૪. | **લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરી,**<br>**ઑ. મેનેજર, શ્રી જી. જ્ઞા. પ્ર. ફંડ,**<br>**મુંબઇ.** |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ભાઇઓને એક અગત્યની ધાર્મિક સૂચના.

જૈન ભાઇઓને જૈન ધર્મની મહત્વતાનું દિગ્દર્શન કરાવનારા મહાત્માઓમાં જૈન મુનિ મહારાજ **શ્રી હંસવિજયજી** મહારાજ પણ એક વિરલ મહાત્માછે, અને તેઓએ હિંદુસ્તાનની પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ કુલ ચાર દિશાઓમાં પગે ચાલી, દરેક શહેરોમાં વિહાર કરી, જૈનો તથા બીજાઓને ઉપદેશ દ્વારા અસરકારક રીતે બોધ આપેલો છે; તેઓ હાલ વયોવૃદ્ધ હોવા છતાં તે વિદ્વાન મહાત્મા શ્રી અને પન્યાસ **શ્રી સંપત વિજયજી** આદી મુનીજનો સાગવાડાથી વિહાર કરી ચાલતાં અનુક્રમે તલવાડે પધાર્યા હતા, કે જ્યાં આવી પહોંચવામાં તેમને વીકટ જંગલ અને પહાડોમાંથી પસાર થવું પડ્યું હતું. ત્યાં શ્વેતામ્બર સંપ્રદાયની રીતિ વધારે પ્રચલીત નહિ હોવાથી ત્યાં વસતા શ્રાવકો દીગંબરોના સંબંધમાં આવી ગયેલા હતા, તે લોકોને તેઓની જ્ઞાતી અને પૂર્વજોની જાહોજલાલી દેખાડવા તથા તેઓની આત્મોન્નતિ માટે મહારાજશ્રીઓએ તેઓને શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરવા ખાસ ભલામણ કરેલી હતી. આ ગામમાં શ્વેતામ્બરીઓનો ઉપાશ્રય નહીં હોવાથી ત્યાં તેઓએ દીગમ્બરોના દેવળમાં સાર્વજનીક વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં. અને તેનો લાભ ઘણા ભાવિક લોકોએ લીધો હતો. તે ભાષણ સાંભળનાર શ્રોતાજનોમાંના એક રજપુત અને રાજપુતાણીએ ભાષણની અસરથી માંસ, દારૂ અને જીવ હીંસાનો ત્યાગ કર્યો હતો. મહારાજ શ્રી હંસવિજયજીએ શ્વેતાંમ્બર દીગંમ્બરમાં ભિન્નભાવ રાખ્યા વિના દીગંમ્બરોના દેવળમાં જે કીંમતી વ્યાખ્યાનો આપી પરમાર્થ કરેલો છે, તે માટે તેનું અનુકરણ બીજા ધર્માચાર્યોએ પણ કરવું ઘટે છે, અને જો હિંદુસ્તાનમાં ચાલતા તમામ ધર્મના ગુરૂઓ આવી રીતે પોતાની વિદ્વતાનો જનસમાજને લાભ આપે તો તેથી તેઓ ખરેખર આખા દેશનું કલ્યાણ કરવા શકિતવાન થાય એ નિઃસંશય છે.

મહારાજ શ્રી હંસવિજયજી તથા પન્યાસ શ્રી સંપતવિજયજીએ ઉપર જણાવ્યા પ્રમાણે સાગવાડા ગામમાં પુરૂષાર્થ કર્યા પછી તેઓ શ્રી વાંસવાડે પધારેલા છે, અને ત્યાં ઓશવાળોનાં પચીસ ત્રીસ ઘરો આવેલાં છે, કે જેમાંનો મોટો ભાગ રાજ્યકારભારમાં જોડાએલો હોવાથી તેઓ જેટલા રાજ્યકારભારમાં કુશળ છે, તેટલા કુદરતી રીતે ધાર્મીક સંસ્કારોથી બહુજ પછાત રહેલા છે. જૈનોના ધર્મમાં ડુંગળી, લસણ ઇત્યાદી તથા કંદમૂળ તદ્દન વર્જીત છે, છતાં ત્યાંના જૈન ભાઇઓ તેનો આહાર કરે છે, અને તેઓના વિચારો ધર્મનાં ગહન સૂત્રો યથાર્થ સમજવા તથા કર્મકાંડ કરવા માટે જેવા જોઇએ તેવા ઉન્નત થયા નથી. વળી આ સ્થળે પૂર્વે કોઇ પૂણ્યશાળી ભાઈએ ઘણુંજ મજબૂત દેરાસર [ શીખરબંધ ] બંધાવેલું છે. તેમ બીજું દેરાસર પણ ત્યાં વિદ્યમાન છે, કે જે બન્નેમાં પરમપૂજનિય ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીજીની મૂર્તિ વિરાજીત થયેલી છે, પણ તે દેરાસરમાં કેટલીક દેરીઓમાં [ કે જે ચણાતી વખતે કંઇ વિઘ્ન નડેલું હશે, તેથી તે અધૂરી રહી ગઇ હોય એવું લાગે છે ] ચારે તરફ ઝાડવાં અને ઘાસ નીકલ્યું છે, તેથી આ દેરાસરોની સ્થીતિ જોતાં ખરેખર આપણને ગ્લાંની થયા વગર રહેશે નહીં.

ગુજરાત કાઠીયાવાડમાં જૈનોની ઝાહોઝલાલીનો અનુભવ આપણને શ્રી પાલીતાણાના શેંત્રુજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડુંગર, તથા જુનાગઢના શ્રી ગીરનાર પર્વત, તેમ બીજાં નાનાં મોટાં અન્ય દેરાસરો જોવાથી થાય છે, અને તેથી અન્ય ધર્મીને પણ તે કોમની સખાવત, ધાર્મીક લાગણી અને તેવાં મકાનો બંધાવનાર ગૃહસ્થોની જળહળતી કારકીર્દી માટે આનંદ આશ્ચર્ય થાય છે. ત્યારે તેજ ધર્મનાં આ દેરાસરોની આ સ્થીતિ જોઇ તેટલોજ સખેદ આશ્ચર્ય જોનારને થાય તો તેમાં લેશ માત્ર પણ નવાઇ જેવું નથી.

ગુજરાત કાઠીયાવાડનાં દેરાસરો કે જ્યાં પગરખાં ઉતારવાની જગ્યાઓ ઉપર આરસો જડેલા હોય છે તેજ પંથના દેરાસરો કે જ્યાં શ્રી ભગવાનની મૂર્તી બીરાજે છે, ત્યાં પૂજા ભણાવવા કે પ્રભુ પાછળ બાંધવા છીટનો એક ચંદરવો પણ નથી. તો તો પછી આરસ અથવા ઉંચી કિમત્તના જરી ચંદરવા અથવા આભુષણો તો ક્યાંથીજ હોઇ શકે ? તો પણ આ દેરાસરને મુંબઇ અને અમદાવાદની જુજ મદદથી મુળ દેરાસરનો જીર્ણોન્દ્ધાર થઇ ગયો છે તેથી કંઇક સંતોષ લેવાનું કારણ મળે છે, પરંતુ આજુબાજુના દેહરાંઓનું હજારોનું કામ બાકી છે તે અમદાવાદના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ કરનાર તથા જૈન તરીકે અભિમાન ધરાવનાર શ્રીમંત જૈન શેઠીઆઓ આ વાત લક્ષમાં લે તો ધારેલી ઇચ્છા સહેલાઇથી પારપાડી શકે તેમાં કંઇ પણ શક નથી.

જૈનોના પૂર્વજોએ, જ્યારે તેઓના વખતમાં આવાં ધાર્મીક મકાનો બંધાવેલાં છે, ત્યારે તે મકાનોની હયાતી ટકાવી રાખવી એ જૈન ભાઈઓની એક પવિત્ર ફરજ છે તેમાં કંઇ પણ શક નથી. અને આ દેરાસરોની પણ અત્યારે આવી સ્થીતિ નજરે પડે છે તેનું કારણ ઉંડા ઉતરી વિચાર કરીશું તો એજ માલુમ પડશે કે ખુણામાં પડેલા આ પહાડી મુલક કે જ્યાં જવા આવવાને રેલવેનું સાધન નથી અને તેથીજ અહીંના કેટલાક જૈન ગ્રહસ્થોએ પોતાની જીંદગીથીજ રેલવે જોઇ નથી તેથી તેઓ પોતાના બીજા ગામે ગામના જૈન ભાઇઓના સંબંધમાં આવેલા નથી, અગર નહીં તો જૈન ધર્મના ઉદાર શ્રીમંત શેઠીઆઓને આ બાબતની પહેલેથી ખબર હોતતો તેઓ કદી પણ પોતાના પૂજનિય ભગવાન કે જેઓના પ્રતાપે તેઓ સાધારણ રીતે કેળવણીમાં પછાત છતાં શ્રીમંત ગણાય છે તે ભગવાનનાં દેરાસરોની આવી અધમ સ્થીતિ કદી પણ રહેવા દેજ નહીં. અને તેટલા માટેજ હું દરેક શ્રીમંત ભાઇઓનું આ તરફ પૂજ્ય મહારાજ શ્રી હંસવિજયજી તથા પન્યાસ શ્રી સંપતવિજયજીના અવલોકન ઉપરથી ધ્યાંન ખેંચું છું, તો દયા-ધર્મ માટે આગળ પડતી જૈન કોમ પોતાના ભગવાનનાં દેરાસરોનો જીર્ણોદ્ધાર કરવા તથા તે દેવાલયો જે ભગવાનની મૂર્તિથી શોભાયમાન બનેલાં છે, તે પવીત્ર મૂર્તિનું-પૂજન અર્ચન હમેશાં ચાલુ રહે, તેવી ગોઠવણ કરવા બંદોબસ્ત કરશે એવી હું નિઃસ્વાર્થ આશા રાખીશ તો તે અસ્થાને ગણાશે નહિ.

આ સ્થળે મ્હારે ભુલી જવું જોઇએ નહીં કે વાંસવાડા રાજ્ય પહાડી મુલકમાં આવેલું છે અને ત્યાં ધર્મને નિમિત્તે નવરાત્રી-દશેરા તથા ચૈત્રી નવરાત્રીમાં શ્રી ભગવતી મહાદેવીને ભોગ આપવાને બહાને હજારો પાડા-બકરાં ઇત્યાદિ નિર્દોષ મુંગાં પ્રાણિઓનો પવિત્ર-ધર્મને નિમિત્તે સંહાર કરવામાં આવે છે. તે એટલે સુધી કે વાંસવાડા જેવા કેળવાયેલા રાજ્યમાં ભર બજાર વચ્ચે જીવતા પાડાને લાવી યમદુતની માફક લોકો ડાંગો અને લાકડીઓના ચારે તરફથી મારતા મારતા લઇ જાય છે, અને જ્યારે પાડો એક દિશા છોડી-બીજી દિશામાં ભાગી પોતાનો વહાલો પ્રાણ બચાવવા કુદરતી રીતે પ્રયત્ન કરે છે, ત્યારે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિશામાં એકઠા થયેલા લોકો તેની તરફ ઉપર મુજબ લાકડી અને ડાંગના પ્રહાર ચલાવે છે, અને એ રીતે દુઃખ દાવાનળના વાદળમાં તે નિર્દોષ પ્રાણી બીચારૂં આંમ તેમ દોડવા છતાં જ્યારે કાંઇપણ ઉપાયથી છટકી શકતું નથી; ત્યારે પછી તે મરણ અવસ્થામાં આવી પડી જાય છે, કે જે વખ્તે જુલમ ગુજારનારા કસાઇથી પણ ક્રૂરતામાં ચઢે તેવા લોકો તે નિરપરાધી પ્રાણી ઉપર તલવારના પ્રહાર ચલાવે છે. આ લોકોને કસાઇથી વધારે ક્રૂર કહેવાનું કારણ કેવળ એટલુંજ કે કસાઇઓ એકજ ઝટકાથી જાનવરને જફા કરે છે, જ્યારે આ લોકો રીબાવી રીબાવીને તેના પ્રાણ પવિત્ર ધર્મને નામે કાઢી નાંખી ધર્મને કલંક લગાડવાના નિમિત્તવાન બને છે, તેથી એવી ક્રૂરતા અટકાવવા માટે વાંસવાડા રાજ્યના નામદાર મહારાજા સાહેબ—કે જેઓ નામદાર તા૦ ૧૮ મી માર્ચ સને ૧૯૧૪ ના રોજ ગાદી નશીન થવાના છે તેઓ આવું ઘાતકી વર્તન પોતાના રાજયના અમલની શરૂવાતથીજ બંધ કરી ગરીબ બિચારાં નિર્દોષ અને ઉપકારી પ્રાણીઓને બચાવા માટે સખ્ત કાયદાઓ પોતાના રાજ્યમાં પસાર કરે અને તેમ કરવાને માટે રાજ્ય સોંપતી વખતે દયાળુ બ્રીટીશ સરકારના પ્રતિનિધી આબુના મે. એજન્ટ ટુ ધી સીડેન્ટ ઓફ એચ. ઇ. ધી—વાઇસરોય તે નામદારને ભલામણ કરે અને તેના બદલામાં તે બ્રિટીશ દયાળુ અમલદાર તથા વાંસવાડાના નામદાર મહારાજા સાહેબ ચિરકાળ સુખી અને સંપત્તીવાન બને એવી પરમકૃપાળુ જગતનિયંતા પાસે અમારી સવિનય પ્રાર્થના છે.

છેવટમાં ધાર્મીક વધ હિન્દુ શાસ્ત્રોએ તદ્દન વખોડેલો છે, અને તેથી તે અશાસ્ત્રોક્ત હોવાની હિંદુઓના ધર્મગુરૂ શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય જગતગુરૂ શ્રી મચ્છંકરાચાર્યજી તથા બીજા ધર્મગુરૂઓએ ખાત્રી આપેલી હોવાથી નામદાર વડોદરા ગાયકવાડ સરકાર સં.જુનાગઢના નામ. નવાબ સાહેબ, સં. ગોંડળ, રાજકોટ, મોરબી, લખતર, લીંબડી વગેરેના નામ ઠાકોર સાહેબો તથા સં. વાંસદા—ધરમપુર તથા વાંકાનેર વીગેરેના નામ. મહારાજા સાહેબો અને હિંદના આશરે ૧૨૫ રાજા મહારાજાઓએ દશેરા વીગેરે ઉપર થતો ધાર્મીક પશુવધ સત્તાનીરૂઇએ બંધ કરેલો છે તે તરફ પણ નામદાર વાંસવાડાના રાજયકર્ત્તા તથા જે જે રાજયમાં આવાં ધર્મને નામે જાનવરોનાં ખુન થતાં હોય, અને તેથી તે દયાળુ રાજ્યકર્ત્તાઓની પવિત્ર ભૂમી લોહીની નદીથી અશુદ્ધ બનતી હોય; તેવા દયાળુ રાજ્યકર્ત્તાઓનું હું ઘણા માન અને વિનય સાથે ધ્યાંન ખેંચવા રજા લઉં છું અને મહારી આ અરજ તે નામદારો પોતાના રાજ્યમાં સત્તાનીરૂઇએ ધાર્મીક પશુવધ બંધ પાડી પોતાની અને ખેતીવાડીને ઉપયોગી મુગાં પ્રાણીરૂપ પ્રજા કે જે તે નામદારોના આશ્રયે પોતાની જીંદગી ગુજારવાની આશા રાખે છે, તેને વિના વાંકે અને કમોતે મરતાં બચાવી તેને રક્ષણ આપવા માટે દરેક ચાંપતા ઉપાયો ન્યાયની રીતીએ લેવા મહેરબાની કરે, એવી તેઓ હજુર નમ્ર અરજ ગુજારૂં છું.

૩૦૯ શૌફ બજાર—મુંબઇ નં૦ ૨,
સંવત ૧૯૭૦ ના ફાગણ શુદી ૫ સોમવાર.

**લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વંદેવીરમ્.

## ( ડુંગરપુરથી મુનિ મહારાજનો વિહાર. )

ડુંગરપુરથી વિહાર કરી મુનિ મહારાજ શ્રી હંસવિજયજી તથા પન્યાસજી મહારાજ સંપતવિજયજી આદિ મુનિઓ ગામ પુનાલી પધાર્યાં હતા. ત્યાંના દેરાસરના હિસાબનું કામ બે દિવસ ચાલ્યું હતું, ત્યારબાદ ગામના છેડા ઉપર ખાલી પડેલા શિખરબંધ દેરામાં પ્રતિષ્ટા કરવા લોકોને ખાંડ તથા દુધની બાધા આપવામાં આવી હતી. અહીંઆથી મહારાજજી સાહેબ બંનકોડા ગામમાં પધાર્યાં હતા. અત્રે વ્યાખ્યાન વખતે શ્વેતાંબર તથા દીગંબર લોકોએ રૂપાનાણું અને નાળીયેર ( શ્રીફળ ) વિગેરે બાજોટ અને પાટલા ઉપર ગુરૂ સનમુખ સ્વસ્તિક સાથે ચઢાવવા પૂર્વક વ્યાખ્યાન શ્રવણ કર્યું હતું. આ ગામ ડુંગરપુરના જીલ્લામાં--પહાડો વચ્ચે આવેલું છે. ઇહાં આસપુર અને સલુંબર આદિ પાંચ સાત ગામોના લોકો વિનંતિ કરવા તથા મુનિ દર્શનાર્થે આવ્યા હતા. ઇહાંથી વિહાર કરી, મહારાજ શ્રી સાગવાડે પધાર્યાં હતા. આ શહેરમાં શ્રી ચિંતામણિપાર્શ્વનાથજીનું ઘણાં શિખરોવાળું મોટું દેહરૂં બજાર વચ્ચે આવેલું છે. પરંતુ અપશોષ છે કે તેની બીલકુલ સાર સંભાળ નથી. ઠેર ઠેર કચરા પડેલા છે, ચામાચીડીયોએ કેટલીક જગા બગાડેલી છે, શિખરોમાં જગો જગોએ ઘાસ કુસ અને ઝાડ ઉગી નીકળેલાં છે. ઉપાશ્રય પણ ખાડા ખડેલો અને ચકલીયોના માળાઓથી ભરપૂર છે. સાંભળવા પ્રમાણે આ દેરાના જીર્ણોદ્ધાર માટે મુંબઇથી તથા કપડવંજથી અને પ્રતાપગઢથી વીયાજીએ મદદ કરાવેલી પણ તેમાંથી કાંઇપણ ખરચાયેલ નથી. વાસ્તે મદદ આપનાર ભાઇઓએ ડુંગરપુર દરબારની વગ પહોંચાડી પૈસા લેનારની ખબર લેવી જોઇએ. આ ગામમાં શ્વેતાંબરી હુંબડ શ્રાવકનાં પાંચેક ઘર છે. મુળ નાયકજીને ચાંદીના પત્રનાં ચક્ષુ છે પણ કીકી નથી. બીજી કોઇ પણ મૂર્તિઓને ચક્ષુ નથી. બીજું દેવલ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું છે. ત્યાં લાગેલા શિલાલેખ ઉપરથી તે શ્વેતાંબરોનું સિદ્ધ થાય છે. પરંતુ ચક્ષુ વિગેરેની દરકાર ન રાખવાથી આજે દિગંબરોને સ્વાધીન થઇ ગયેલું જણાય છે. તે લોકોની કથા પણ ત્યાં વંચાય છે.

### ઉપર બતાવેલા શીલાલેખની નકલ આ પ્રમાણે છે.

स्वास्तिश्री जयोऽभ्युदयश्च संवत १६५४ वर्षे माघ वदी १२ बुधे राजा धिराज विजयमान श्री सहस्समलराज्ये सागवाटक नगर वास्तव्य ऊसवालज्ञातीय प्रामेचागोत्रे खीमा मार्या–खीमदितयोःपुत्र सा मेघाकेन भार्या चऊथी द्वितीय भार्या रत्नासुतसा. योगीदास चउथासा रहीआ प्रमुख कुटुंब युतेन श्रीसंघनाम्ना श्री चंद्रप्रभबिंबंकारीतं प्रतिष्ठा पितंच समाकारित समग्र वागड देशीय जन भोजनोत्तर तांबुला दिप्रदानु पुर्वकं प्रौढतर महोत्सवेन प्रतिष्ठितंच श्री तपगच्छे पातसाह श्री अकबर प्रदत्त षाणमासिक सर्वं जीवाभयदान प्रवर्तन श्री सत्रुंजय तीर्थादिकरानि वर्तन फूरमाण भट्टारक श्री हीरविजयसूरीश्वर पट्टालंकार पातसाह श्री अकबर सभा समक्ष लब्धानेक वादिवृंद जयवाद भट्टारक श्री विजयसेनसूरिभिः

चंच च्चंद्ररुचेःसमुच्चयइव ज्योतिर्ज्जटालंवपु विग्
भाति विशाल भाल विमथाद् बिंबराधिंसतां
यस्येदं जगति प्रतिष्ठित महोजीयात्–सचंद्रप्रभा
स्तावद्या वदयं सुरद्रुसहितो मेरुर्महो मंडनं ॥ १ ॥
चतुःशती प्रमाणानां बिंबानां स्थापनोत्सवे ।
पुष्करावर्तवन्मेघोववर्ष धन धारया ॥ २ ॥

पंडित श्री रामविजयगणीना शुभंभवतु.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર બતાવેલા શિલાલેખનો સારાંશ એવો છે કે ડુંગરપુરના વાગડ જીલ્લામાં આવેલા સાગવાડા નગરમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું આ શિખર બંધ દેવલ આવેલું છે. તેની પ્રતિષ્ટા સં. ૧૬૫૪ના માહા વદી. ૧૨ બુધવારે સહસ્સમલ્લરાજાના વખતમાં થયેલી છે. શ્રી ચંદ્રપ્રભ સ્વામીની મૂર્તિ કરાવનાર અને સંઘના નામથી પ્રતિષ્ટા મહોત્સવ કરાવનાર ઉસવાલ જ્ઞાતીના બ્રામેચા ગોત્રીય, મેઘા શાહ છે. તેમણે આ પ્રસંગે સમગ્ર વાગડ દેશના લોકોને નોતર્યા હતા. અને ભોજન તાંબુલાદિકથી તેમનું સનમાન કર્યું હતું. પ્રતિષ્ટાતો અકબ્બર બાદશાહ પાસે જેમને છમાશી જીવદયા પલાવવાનું અને શત્રુંજયાદિક તીર્થના કરની માફીનું ફરમાન લખાવી આપ્યું હતું તેવા શ્રી તપગચ્છનાયક હીરવિજયસૂરીશ્વરજી માહારાજાના પદાલંકાર અને અકબરશાહની સભાસમક્ષ અનેક વાદિવૃંદનો જય મેલવનાર એવા ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિ હતા ઇહાં શ્રી ચંદ્રપ્રભ પ્રમુખ ૮૦૦) જીનબિંબોના સ્થાપન મહોત્સવ પ્રસંગે ધનની ધારા વડે પુષ્કરાવર્તન મેઘનું અનુકરણ લોકોએ કર્યું હતું.

બીજા ગામવાલા ઉસવાલ ભાઇયો ડુંગરપુરના રાજાની મદદ લેઇ પ્રયત્ન કરે, તો આ દેવલ શ્વેતાંબરોને સ્વાધીન થઇ શકે તેમ છે. કારણ કે શિલાલેખમાં ઉસવાલનું સ્પષ્ટ નામ આપેલું છે. વલી ઇહાંના તલાવ કીનારે શ્રી કેશરીયાનાથજીનાં પગલાં તથા મૂર્તિવાલી બેદેરીઓ આવેલી છે. તેની પૂજા શ્વેતાંબર આમ્નાય મુજબ થાય છે. પણ બંને પક્ષવાલામાંને છે.

**લી. તારાવત ચંપાલાલ કેશવદાસ**

**મુ. બનકોડા—પોષ્ટ—સાગવાડા જીલા ખેરવાડા, છાવણી.**

## મુનિ મહારાજના શુભ પ્રયત્નથી જીવદયાની વૃદ્ધિ.

### ( માળવા તરફના મળેલા સમાચાર. )

મહારાજ **શ્રી હંસવિજયજી** આગળ વિહાર કરતાં સરવણા ગામમાં પધાર્યા તે વખતે ત્યાંના ઠાકોર સાહેબે ઘણા હિંદુ, મુસલમાનો સહિત પધારી મહારાજ સાહેબની મુલાકાત લીધી છે. મહારાજશ્રીનો મધુર ઉપદેશ સાંભળી, ઠાકોર સાહેબે પક્ષિનો શિકાર નહીં કરવો એવી પ્રતિજ્ઞા પોતાની રાજી ખુશીથી લીધી છે. વળી એક રજપૂતે દયાળુ થઇ બકરો ચઢાવવાની પોતાની માનતામાં તે બકરાને જીવતો છોડી દેવો પણ મારવો નહીં એવી પ્રતિજ્ઞા કરી છે. આ બધાં શુભ ફળ મુનિ વિહારનાંજ સમજવાં અને એજ માટે અમારી પરમોપકારી મુનિવરો પ્રતિ સવિનય પ્રાર્થના છે કે આપ થોડા સમયને માટે એવા એવા દેશોમાં વિહાર કરો તો ઘણા ભવ્યજીવો સુધરે અને શાસન શોભામાં વધારો થાય. મહારાજ શ્રી **હંસવિજયજી** ત્યાંથી વિહાર કરી સાઇલાના ( Sailana ) પધાર્યા છે. જ્યાં પ્રવેશોત્સવમાં દરબારી બેંડ, નિશાન, ડંકો વગેરે પણ આવેલું હતું. થોડા દિવસમાં એઓ સાહેબ રતલામ શહેરમાં પધારશે. ત્યાંના શ્રી સંઘનો ઘણો આગ્રહ છે. આપણે આશા રાખીશું કે મહારાજશ્રીના હાથથી જીવદયાનાં કામ વધારે ને વધારે થતા રહેશે અને બીજા મુનિવરો પણ આ શાંતમૂર્ત્તિ મહાત્માનું અનુકરણ કરશે. હાલ એજ. તા. ૭—૩—૧૪.

For Private And Personal Use Only